જાન્યુઆરી થી માર્ચ ૨૦૦૮

# યુજીવીસીએલ ન્યુઝ

વર્ષ - ૧ અંક - ૨

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવાના ધ્યેય સાથે ચતુર્થ વર્ષમાં મંગલ પ્રવેશ...!



- ભારતના વીજ મંત્રાલય તરફથી યુ.જી.વી.સી.એલ.ને બ્રોન્ઝ શિલ્ડ
- જાદર સબ ડીવીઝનની ઉત્કૃષ્ટ કામગીરી
- યુ.જી.વી.સી.એલ.ને નેશનલ એવોર્ડ ફોર એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ - ૨૦૦૭
- "અંધકારથી ઉજાસ તરફ..." સી.ડી.નું વિમોચન
- ગુજરાત રાજ્ય વીજ નિયમન પંચ દ્વારા યુ.જી.વી.સી.એલ.ની મુલાકાત
- સ્વસ્થ કર્મચારી... સ્વસ્થ કંપની...

સાબરમતી ખાતે જીમખાનાને કર્મચારીઓ માટે અર્પણ કરતા ચેરમેન શ્રી ગુરૂપ્રસાદ મહાપાત્ર






ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

# યાદગાર પળો ...








૫૯માં પ્રજાસત્તાક દિનની આનંદ અને ઉત્સાહભેર ઉજવણી





યુજીવીસીએલ ન્યુઝ ના વિમોચન પ્રસંગે...






"અંધકારથી ઉજાસ તરફ..." સી.ડી.નું વિમોચન, મહેસાણા કોર્પોરેટ ઓફિસ









સાબમતી ખાતેનું જીમખાનું કર્મચારીઓ માટે અર્પણ








ગુજરાત રાજ્ય વીજ નિયમન પંચની મુલાકાત, અડાલજ, બોપલ, સાબરમતી

યુજીવીસીએલ ન્યુઝ

UGVCL NEWS

વર્ષ-૧ અંક : ૨ (ત્રિમાસિક)
જાન્યુઆરી થી માર્ચ-૨૦૦૮

તંત્રી

**શ્રી એચ. એસ. પટેલ** IAS
મેનેજીંગ ડિરેક્ટર
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

સહતંત્રી

**શ્રી કેતનકુમાર માંડલીયા**
મેનેજર (કોર્પોરેટ કોમ્યુનિકેશન)
**શ્રી શૈલેશ એ. નાયક**
આસીસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન)

તંત્રી મંડળ

**શ્રી પી. આર. ચૌધરી**
ખાસ ફરજ પરના અધિકારી
**શ્રી એમ. જી. પટેલ**
મુખ્ય ઈજનેર (ઓપરેશન)
**શ્રી પી. જે. પટેલ**
મુખ્ય ઈજનેર (પી. એન્ડ પી.)
**શ્રી જે. એન. પંચોલી**
ચીફ ફાઈનાન્સ મેનેજર
**શ્રી જી. પી. જોશી**
વિશેષ મુખ્ય ઈજનેર, સાબરમતી.
**શ્રી ડી. એમ. તિવારી**
ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક
**શ્રી આર. જી. એન્જીનીયર**
મુ.કા.અ. અને અધિક્ષક ઈજનેર, હિંમતનગર.
**શ્રી ટી. કે. નાયક**
અધિક્ષક ઈજનેર, મહેસાણા.
**શ્રી ડી. સી. પરમાર**
અધિક્ષક ઈજનેર, પાલનપુર

**પ્રકાશક :**
**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**
રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ
વીસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧.
Visit us.www ugvcl.com

**મુદ્રક :**
**વિપુલ પ્રિન્ટર્સ**
વાળીનાથ કોમ્પલેક્ષ, પ્રભાતચોક,
ઘાટલોડિયા, અમદાવાદ.




# અધ્યક્ષ સ્થાનેથી.....

સમગ્ર રાષ્ટ્રમાં સુદ્રઢ ઊર્જા વિતરણ વ્યવસ્થા એક ગહન ચિંતનનો વિષય બન્યો છે. ઈન્ડિયન ઈલેક્ટ્રીસીટી ઈન્ડસ્ટ્રી (રીઓરગેનાઈઝેશન અને રેગ્યુલેશન) એક્ટ, ૨૦૦૩ અન્વયે ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ વિભાજનના પરિણામ સ્વરૂપે અસ્તિત્વમાં આવેલ આપણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ઉત્તર ગુજરાતના ૬ જીલ્લામાં વીજ વિતરણની કામગીરી અન્વયે ગ્રાહકોને સુદ્રઢ સંચાલન વ્યવસ્થા દ્વારા વીજ સુવિધા પૂરી પાડવાનું ભગીરથ કાર્ય કરી રહેલ છે.

કંપની કાર્યાન્વિત થયા બાદ વણથંભી વિકાસ યાત્રાના સહભાગી કર્મચારીઓ કંપનીની ઝીણામાં ઝીણી પ્રવૃત્તિઓથી માહિતગાર થઈ શકે તેમજ પોતાની કંપની પ્રત્યેના હકારાત્મક દ્રષ્ટિકોણને મુક્ત મને વ્યક્ત કરી શકે તેવા શુભ આશયથી કંપની દ્વારા "**યુજીવીસીએલ ન્યુઝ**" પ્રસિધ્ધ કરવાના નિર્ણયને હ્રદયપૂર્વક આવકારું છું. ત્રણ વર્ષના ટુંકા ગાળામાં સફળતાના ઘણા શિખરો સર કર્યા છે, જેનું મને ગૌરવ છે.

અહીં મને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના શબ્દો "**દરેક વ્યક્તિએ હંમેશા ઊંચા સપના જોવા જોઈએ**" તે યાદ આવે છે. સપનાને હકીકતમાં ફેરવવાની ક્ષમતા હું આપ સર્વેમાં જોઈ રહ્યો છું. આગળ ધપવા માટે અપૂર્વ અવસરોની રાહ જોઈ બેસી ન રહો, અવસર આપણે પેદા કરવાનો છે અને અવસરને પરિણામ લક્ષી બનાવવાનો છે.

આપણે આપણુ કર્તવ્ય બજાવવા તૈયાર થઈશું તો તે સાથે આપણને આપણી લાયકાતની પ્રતીતિ થશે. કંપનીના સ્વપ્નને સાકાર કરવા આપણી અંદર છુપાયેલી શક્તિનો મહત્તમ ઉપયોગ અત્યંત જરૂરી છે. વીજ બચત, વીજ સલામતી ક્ષેત્રે ઘણી કામગીરી કરવાની રહેશે. પ્રગતિનો દોર આગળ વધારવા કંપની હંમેશા કર્મચારીઓની પડખે રહેશે તેની હું ખાત્રી આપું છું.

"**યુજીવીસીએલ ન્યુઝ**" આપણા સૌનું અને એક બીજાના વિચારોનું આદાન પ્રદાન કરવા માટેનું ઉત્તમ માધ્યમ બની રહેશે એજ અભ્યર્થના....

(ગુરુપ્રસાદ મહાપાત્ર) **IAS**
અધ્યક્ષ
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ



# તંત્રી સ્થાનેથી.....

**"નાનપણમાં મેં જોયું કે, હું જે કામ કરતો તેમાનાં દસમાંથી નવ નિષ્ફળ નીવડતાં, પણ મારે નિષ્ફળ નીવડવું ન હતું. એટલે મેં દસ ગણું વધારે કામ કરવા માંડ્યું "**

– જ્યોર્જ બર્નાડ શો

માણસ એટલે કરોડો વર્ષની ઉત્ક્રાંતિમય મથામણ પછી વિશ્વનિર્મિત ખોળે સાંપડેલી એક ઉત્તમોત્તમ કલાકૃતિ, માણસ એટલે સાક્ષાત સર્જનહારની અદૃશ્ય છબીની હાથવગી નેગેટિવ, માણસ એટલે પરમ સત્યનો દાર્શનિક પુરાવો !

ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સાતત્યપૂર્ણ વિશ્વસનીય અને ગુણવત્તા સભર વીજ પૂરવઠો પૂરો પાડવાના ધ્યેય સાથે સફળતાના ત્રણ વર્ષ પૂર્ણ કરી ગ્રાહકલક્ષી, કર્મચારીલક્ષી તથા સરકારલક્ષી કામગીરીના સુભગ સમન્વય દ્વારા પરિણામલક્ષી વિકાસ તરફ અગ્રેસર થઈ ચતુર્થ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે ત્યારે સંક્રાંતિના સમયથી વિકાસની ગતિ વધારવા અને ઉંચાઈના શિખરો સિધ્ધ કરવા તરફ આપણે ઝડપથી થઈ રહ્યા છીએ. ગ્રાહકલક્ષી કામગીરીમાં કોઈ પણ સમયે ગ્રાહક પેમેન્ટ કરી શકે તે માટે અડાલજ, કલોલ, પાટણ, હિંમતનગર વગેરે સ્થળે શરૂઆત તેમજ આયોજન હાથ ધરવામાં આવેલ છે. કુલ ૨૧ ની સંખ્યામાં "ગ્રાહક સુવિધા કેન્દ્ર" શરૂ કરવામાં આવેલ છે વધુ કેન્દ્રો માટે આયોજન કરવામાં આવી રહેલ છે. કર્મચારીઓ વધુ સારી રીતે કામગીરી બજાવી શકે તે માટે અદ્યતન સગવડોવાળી ઓફિસો તેમજ સાબરમતી ખાતે અદ્યતન જીમખાના શરૂ કરવામાં આવેલ છે. તમામ વર્તુળ કચેરીએ આ પ્રકારની સુવિધા ઉપલબ્ધ થાય માટે આયોજન કરવામાં આવી રહેલ છે.

ઊર્જા સમૃધ્ધિ ગુજરાત માટેના સરકારશ્રીનાં સંકલ્પને ચરિતાર્થ કરવા એ.ટી. એન્ડ સી. લોસમાં ઘટાડો, વિવિધ ગ્રામ્ય વીજળીકરણની યોજનાઓનો અમલ, લોક અદાલતોના આયોજન દ્વારા બાકી લ્હેણાની પતાવટ, આવક વૃદ્ધિ માટેના અસરકાર પગલાં લેવામાં આવી રહેલ છે.

ચતુર્થ વર્ષનો મંગલ પ્રવેશ આપણામાં નવી ઊર્જાનો સંચાર કરી પ્રગતિની નવી દિશાઓ તરફ લઈ જાય તેવી અભ્યર્થના...

**(એચ.એસ.પટેલ) IAS**
મેનેજીંગ ડિરેક્ટર અને
તંત્રી યુજીવીસીએલ ન્યુઝ



## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વર્તુળ કચેરી હિંમતનગરના તાબા હેઠળનાં ૧૧ કે.વી. મુનપુર ફીડરનો લોસ ૫૭% થી ઘટીને ૧૯% થયો... મુશ્કેલ લક્ષ્યની સિમાચિન્હરૂપ પ્રાપ્તિ...

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની, વર્તુળ કચેરી, હિંમતનગર, પેટા વિભાગીય કચેરી મહેતાપુરા ફીડર ૧૧ કે.વી. મુનપુર તા. ટી એન્ડ ડી લોસ ૫૭% થી ઘટાડી ૧૯% સુધી પ્રાપ્ત કરવામાં આવેલ છે.

**કંપનીનું લક્ષ્ય** : સ્પર્ધાત્મક દરે સાતત્યપૂર્ણ, વિશ્વસનીય તેમજ ગુણવત્તાસભર વીજ પૂરવઠો પૂરો પાડવો, તેમજ વીજ વિતરણ અને વાણિજ્ય વિષયક ખોટ વૈશ્વિક ધોરણ સુધી ઘટાડવી.

સૌ પ્રથમ ૧૧ કે. વી. મુનપુર ફીટરના ફીડર મેનેજર તરીકે કાર્યદક્ષ નાયબ ઈજનેર શ્રી જે. એલ. ભટ્ટની ફીડર મેનેજર તરીકે પસંદગી કરવામાં આવી. ૩૫ કિ.મી. ના ભારે દબાણવાળા વીજરેષા, ૪૦ ટ્રાન્સફોર્મર કેન્દ્રો અને ૧૦ ગામો જેમાં ૪,૦૦૦ ગ્રાહકો અલગ અલગ કક્ષાનાં, વર્ષોથી ફીડર લોસ સામાન્ય રીતે અસામાન્ય રહેતો હતો. ૧૧ કે. વી. મુનપુર ફીડરનાં લોસ નવેમ્બર-૦૫ ના અંત સુધીમાં ૫૭% હતો. મહેતાપુરા પેટા વિભાગીય કચેરીનાં હેલ્પર કક્ષાના નાનામાં નાના કર્મચારીથી નાયબ ઈજનેર સુધીના તમામ કર્મચારીઓ અનુભવ, આવડત અને ઉપયોગીતા લક્ષમાં લઈને સલાહ - સૂચનો તથા વિવિધ તાંત્રિક તેમજ આર્થિક પાસાઓ, તે વિસ્તારનાં લોકોની પ્રવર્તમાન માનસિકતા વગેરે બાબતોનો સઘન અભ્યાસ કરી સુદૃઢ આયોજન હાથ ધરવામાં આવ્યું.

મુનપુર ફીડર પરથી એવા ગામોને વીજ પૂરવઠો આપવામાં આવતો હતો કે જેઓ વર્ષોથી વીજ વપરાશ દ્વારા થતી ગેરરીતિઓ માટે જાણીતા હતા. કામગીરીની શરૂઆત ખૂબ જ વિશ્વાસથી કરવામાં આવી. દરેક કર્મચારીઓનો પ્રેમ અને વિશ્વાસ સંપાદિત કરવામાં આવ્યો. કારણકે, તે એવા લોકો હતા કે જેમણે અતિ સુક્ષ્મ બાબતોનું આયોજન કરી પાયાનાં પથ્થર તરીકે કામ કરવાનું હતું. શું કામ કરવાનું છે ? કેવી રીતે કરવાનું છે, વધુ કાર્યદક્ષતાથી કામ પૂર્ણ કરવા માટે જરૂરી શું છે ? વગેરે પ્રશ્નો ધ્યાનમાં લેવામાં આવ્યા.

નોંધપાત્ર રીતે ૧૧ કે. વી. મુનપુર ફીડરનું લોસ ૫૭% ઘટાડવાનું સ્વપ્ન સેવવામાં આવેલ. જે અશક્ય ન હતું પરંતુ સહેલુ પણ ન હતું.

સમારકામ માટે જરૂરી કાર્યો હાથ ધરવા લાઈન સ્ટાફ, મીટર રીડરો, જુની. આસી., જુની. ઈજનેર, નાયબ ઈજનેર વગેરે સાથે સમયાંતરે બેઠકો કરી વ્યક્તિદીઠ જવાબદારી સોંપી પરિશિષ્ટ "અ" માં દર્શાવેલ કાર્યવાહી કરવામાં આવી. વીજ કનેક્શનોનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું, જરૂર જણાય ત્યાં પોલીસ કેસની કાર્યવાહી હાથ ધરવામાં આવી. પરિણામ સ્વરૂપે છેલ્લે લાઈન લોસ ૧૯% એ અટક્યો અને વાર્ષિક રૂા. ૩૬.૧૮ લાખની બચત થઈ જેનો પેબેક પીરીયડ બધો જ ખર્ચ ગણતાં ફક્ત ૧૬ મહિનાનો જ રહ્યો અને મુશ્કેલ લક્ષની સિમાચિન્હરૂપ પ્રાપ્તિનો અદ્‌ભૂત સંતોષ પ્રગટ થયો. સંપૂર્ણ કાર્યક્રમ પૂર્ણ કરવા નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ.

### મુનપુર ફીડર ઉપર કરવામાં આવેલ કાર્યવાહી. (પરિશિષ્ટ - અ)

યોગ્ય શ્રમ વિભાજન કરી જરૂરી અનુભવ અને લાયકાત ધરાવતી ૧૭ એજન્સીઓને જરૂરી કામગીરી સોંપવામાં આવી અને તારીખ ૧૪-૦૨-૨૦૦૫ ના રોજ રેટીફીકેશનનું કામ શરૂ કરવામાં આવ્યું. ફીડરની નોંધણીનું કામ પૂર્ણ કર્યું અને કુલ ૧૦ ગામોનાં ૪૦૯૬ ગ્રાહકો અંગેની કામગીરી શરૂ કરી. જેના ભાગરૂપે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ.

| | | | |
|---|---|---|---|
| (૧) | એમ. એમ. બોક્ષની ફાળવણી કરીને નાંખવામાં આવ્યા. | - | ૪૦૯૬ |
| (૨) | મીટરો બદલવામાં આવ્યા. | - | ૨૯૬૦ |
| (૩) | કોમ્પ્યુટરમાં નોંધણી સાથે મીટરનું સીલીંગ કર્યુ | - | ૩૮૭૮ |
| (૪) | સર્વિસ લાઈનો બદલી. | - | ૧૨૩૫ |
| (૫) | ટ્રાન્સફોર્મર સેન્ટર પર મીટરો નાંખ્યા. | - | ૪૦ |
| (૬) | થ્રી ફેઝ ટ્રાન્સફોર્મર સેન્ટર પર લોર્ડની વહેંચણી. | - | ૪૦ |
| (૭) | થ્રી ફેઝ કનેક્શનની "એક્યુચેક" મીટર દ્વારા ચકાસણી. | - | ૧૦૦ |
| (૮) | થાંભલેથી સીધા જોડાણ થયેલ સ્ટ્રીટ લાઈટનાં બલ્બ/ટ્યુબલાઈટ કાઢ્યા. | - | ૨૧૫ |
| (૯) | જરૂર જણાય ત્યાં જે તે યોજનાના હેઠળ સ્ટ્રીટલાઈટ જોડાણ આપવામાં આવ્યા. (જ્યાં અગાઉ વપરાંતા યુનિટ નોંધવામાં આવતાં નહી) | - | ૧૭ |
| (૧૦) | ઈન્સ્યુલેટેડ કન્ડક્ટર નાંખ્યા જેથી સીધી પાવર ચોરી અટકાવી શકાય | - | ૧૫.૧૫ કિ.મી. |
| (૧૧) | સીંગલ ફેઈઝ નવા કનેક્શન શરૂ થયા. | - | ૪૨૪ |
| (૧૨) | ગ્રામસભાઓ યોજી | - | ૧૧ |
| (૧૩) | ટ્રાન્સફોર્મર સેન્ટરનું અર્થીંગ કર્યું. | - | ૪૦ |

તદઉપરાંત ગામોમાં જઈ સરપંચ, તલાટી - કમ - મંત્રી, ગામના આગેવાનો સાથે પરામર્શ કરી વીજ-ગેરરીતિ નાં દૂષણને ડામવા સહકાર આપવાની સમજ કેળવવા પ્રોત્સાહિત કર્યા. જેના લીધે ૪૨૪ ગ્રાહકોએ સામે ચાલીને નવીન ઘરવપરાશનાં વીજ જોડાણો માંગ્યા.

**થયેલ ખર્ચની વિગત :-**

ઉપરોક્ત કામ કરવા માટે માલ સામાન, કોન્ટ્રાક્ટરની ચુકવણી, અન્ય ખર્ચ, વાહન વ્યવહારનો ખર્ચ, કર્મચારીઓનો પગાર, ટીએબીલ, સુપરવીઝન ચાર્જ વગેરે મળીને રૂા. ૪૬.૭૭ લાખ થયેલ છે.

**થયેલ ફાયદાની વિગતો :-**

| અ. નં. | વિગત | ફેબ્રુઆરી ૦૫ થી જુલાઈ ૦૫ | ફેબ્રુઆરી ૦૬ થી જુલાઈ ૦૬ | તફાવત |
|---|---|---|---|---|
| ૧ | મોકલેલ યુનિટ | ૨૮,૮૨,૦૦૦ | ૨૫,૫૬,૧૩૦ | ૩,૨૫,૮૭૦ |
| ૨ | વેચાયેલ યુનિટ | ૧૫,૫૫,૧૨૧ | ૨૦,૨૪,૫૧૦ | ૪,૬૯,૪૩૦ (વધારો) |
| ૩ | ખોટ | ૧૩,૨૬,૮૭૯ | ૫,૩૧,૫૩૯ | ૭,૯૫,૩૦૦ (ઘટાડો) |
| ૪ | ટકાવારીમાં ઘટાડો | ૪૬.૦૪% | ૨૦.૭૯% | ૨૫.૨૫% (ઘટાડો) |

**રૂપિયામાં મળેલ લાભ :-**

- હ મોકલેલ યુનિટ X ૦.૯ - ૩,૨૫,૮૭૦ X ૦.૦૯ KWH
  - (૧૦% લાઈનલોસ ધરવામાં આવે તો)
- હ વેચાણ થયેલ યુનિટમાં વધારો. - ૪,૬૯,૪૩૦ KWH
- હ યુનિટ બિલ્ડમાં ચોખ્ખો ફાયદો. (યુનિટમાં) - ૭,૬૨,૭૧૩ KWH
- હ રૂા. ૨.૮૫ યુનિટ દીઠ ભાવ ગણતાં (રૂપિયામાં) - ૭,૬૨,૭૧૩ X ૨.૮૫= ૨૧,૭૩,૭૩૨.૦૫
- હ વાર્ષિક ફાયદો (રૂપિયામાં) - ૫૨.૧૫ લાખ
- હ વળતર પરત મેળવવા માટેનો જરૂરી સમય. - કુલ ખર્ચ X ૧૨ / વાર્ષિક ફાયદો = ૪૬.૭૭ X ૧૨ / ૫૨.૧૫ (૧૦.૭૬) લગભગ ૧૧ મહિના.

છેલ્લા ૭ માસમાં મળી ચુકેલ રકમ = રૂા. ૨૧.૭૩ લાખ

**મેળવેલ પરિણામ :-**

(૧) દર બે માસે થતું નુકશાન જ્યારે કામ શરૂ કરવામાં આવ્યું. (ઓક્ટો.૦૫ થી નવે. ૦૫) - ૫૭.૧૧%

(૨) એપ્રિલ ૦૬ થી જુલાઈની સ્થિતિ. - ૧૯.૮૬%

(૩) વધુમાં વધુ એમ્પીયરનો ઘટાડો. - ૧૩૫ એ થી ૭૫ એ



**મૂક - બધિર બાળકો માટેની રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની રમત સ્પર્ધાઓમાં શ્રી એસ.એચ. દવે, સીની. આસી. પાલનપુર વર્તુળ કચેરીના સુપુત્રી કુ. નિરાલી દવેનો ઉત્કૃષ્ટ દેખાવ.**

તારીખ ૨૫ અને ૨૬ ડીસેમ્બર ૨૦૦૭ દરમ્યાન ૧૦મી અખિલ ગુજરાત મૂક બધિર માટેની રમત સ્પર્ધામાં પાલનપુર વર્તુળ કચેરી ખાતે સીની. આસી. તરીકે ફરજ બજાવતા શ્રી એસ. એચ. દવેની સુપુત્રી કુ. નિરાલી દવેએ ઉંચો કુદકો, લાંબો કુદકો અને ૪૦૦ મીટરની દોડમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે.

જ્યારે તારીખ ૨૩ અને ૨૪ જાન્યુઆરી ૨૦૦૮ ના રોજ મૂક બધિર માટેની અખિલ ભારતીય સ્પર્ધામાં ઉંચા કુદકા માટેની સ્પર્ધામાં પ્રથમ, લાંબા કુદકા માટેની સ્પર્ધામાં દ્વિતિય સ્થાન તેમજ ૪૦૦ મીટર સ્પર્ધામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

કુ. નિરાલી દવે, એમ. એ. એસ. મૂક બધિર વિદ્યાલય, પાલનપુર ખાતે ધોરણ - ૯ માં અભ્યાસ કરે છે. રમત ગમત ક્ષેત્રે પ્રાપ્ત કરેલ સિધ્ધિઓ બદલ ઉત્તર ગુજરાત વીજ કંપની લી., ના મેનેજીંગ ડીરેક્ટરશ્રી દ્વારા કંપની વતી કુ. નિરાલી દવેને ખાસ અભિનંદન પાઠવવામાં આવેલ છે.



**સંદેશ - હાફ મેરેથોન - ૨૦૦૭ માં ભાગ લઈને ૨.૪૨ કલાકમાં મહેસાણા થી ઊંઝા સુધીનું ૨૧ કિ.મી.નું અંતર પૂર્ણ કરતા શ્રી દશરથભાઈ પટેલ, સીની. આસી., ગ્રામ્ય પેટા વિભાગ, મહેસાણા.**

મહેસાણા ખાતે સંદેશ દૈનિક વર્તમાન પત્ર દ્વારા તારીખ : ૩૦-૧૨-૨૦૦૭ ના રોજ યોજાએલ સંદેશ હાફ મેરેથોન - ૨૦૦૭ ની સ્પર્ધામાં ૫૦ (પચાસ) વર્ષની ઉંમરે સફળતાપૂર્વક ભાગ લઈને ૨ કલાક ૪૨ મીનીટમાં મહેસાણા થી ઊંઝા સુધીનું અંતર પૂર્ણ કરી શ્રી દશરથભાઈ એસ. પટેલ, સીની. આસી. ગ્રામ્ય પેટા વિભાગ મહેસાણા સ્પર્ધાના પ્રતિયોગી તરીકેનું મેરીટ સર્ટીફીકેટ મેળવેલ છે.

૫૦ (પચાસ) વર્ષની ઉંમરે હાફ મેરેથોન દોડમાં ભાગ લઈને યુવાનોને પ્રોત્સાહન પુરૂ પાડેલ છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવે છે.

# વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ઉત્તર ગુજરાત વીજ કંપનીને ભારતના વીજ મંત્રાલય તરફથી "બ્રોન્ઝ શિલ્ડ"

સાતત્યપૂર્ણ વીજ વિતરણ અને પુરવઠા દ્વારા જીવન ધોરણ ઉંચુ લાવવાના ધ્યેયની કટિબધ્ધતા સાથે અઢી વર્ષના ટુંકા ગાળામાં ઉત્તર ગુજરાત વીજ કંપનીને ભારતના વીજ મંત્રાલય તરફથી બ્રોન્ઝ શીલ્ડ તા. ૨૧-૦૩-૨૦૦૭ ના રોજ જી. એમ. સી. બાલયોગી ઓડિટોરીયમ, નવી દિલ્હી ખાતે માનનીય વડા પ્રધાન ડૉ. મનમોહનસિંગ દ્વારા અર્પણ કરવામાં આવેલ છે.

ઉત્તર ગુજરાતના છ જીલ્લાઓનાં ૬૧ શહેરો તથા ૪૬૧૮ ગામોના લગભગ ૫૦ હજાર ચો. કિલોમીટરના વિસ્તારોમાં વીજ વિતરણની કામગીરી કરતી ઉત્તર ગુજરાત વીજ કંપનીએ *"સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ"* આપવાના સ્વપ્નને (VISION) ને સિધ્ધ કરવા હંમેશા પ્રયત્ન કરેલ છે. કંપનીએ કરેલ મહત્વની કામગીરીનો ઉલ્લેખ કરીએ તો "જ્યોતિ ગ્રામ યોજના" દ્વારા સમગ્ર દેશને દિશા નિર્દેશ તેમજ રાહબરી પુરી પાડેલ છે. જેનો આયોજન પંચ દ્વારા પણ સ્વીકાર કરવામાં આવેલ છે. રાજ્ય ભરમાં સૌ પ્રથમ જ્યોતિગ્રામ યોજના અમલ કરી સતત ૨૪ કલાક, થ્રી ફેઈઝ વીજ પુરવઠો પુરો પાડનાર ભારતમાં પ્રથમ કંપની બનેલ છે. ફાર્મ હાઉસ અને છુટા છવાયા રહેણાંકોમાં સતત ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવા સ્પેશ્યલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર (SDT) સંશોધન કરનાર તથા ERDA દ્વારા પ્રમાણિત કરાવનાર ભારતની પ્રથમ કંપની છે. વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૮.૩૧% વીજ વિતરણ ખોટ, વર્ષ ૨૦૦૫-૦૬ માં ૨૧.૩૪% સપાટીએ અર્થાત એક જ વર્ષમાં ૬.૬૭% નો સિમાચિન્હરૂપ ઘટાડો તેમજ જુલાઈ ૨૦૦૬માં વાર્ષિક લક્ષ્યાંક ૩.૫ પ્રમાણે ઘટાડવામાં અગ્રેસર રહેલ છે. વર્ષ ૨૦૦૫-૦૬માં મહેસુલી આવકમાં રૂા. ૯૬ કરોડનો વધારો કરેલ છે. રાજ્ય સરકારની કુટિર જ્યોત આદિજાતિ પેટા યોજના હેઠળની યોજનાઓ તેમજ ખાસ અંગભુત યોજનાના સંપૂર્ણ લક્ષ્યાંકોની સિધ્ધિ કંપનીએ હાંસલ કરેલ છે. વીજ વિતરણનાં વધુ સારા સંચાલન તથા ગ્રાહકલક્ષી સેવાઓ પુરી પાડવા માટે વેબ બેઈઝ જીઆઈએસ સીસ્ટમનું મહેસાણા જીલ્લામાં અમલીકરણ અને અન્ય જીલ્લાઓમાં તેનું આયોજન તથા e - Urja "Empowering People Any Where Any Time" તમામ વીજ કંપનીઓમાં અગ્રેસર રહેલ છે. ગ્રાહકલક્ષી સેવા માટે દરેક જીલ્લામાં કેન્દ્રો (Customer Care Center) કાર્યન્વિત કરેલ છે. તેમજ અન્ય શહેરી વિસ્તારમાં તેનું આયોજન કરેલ છે.

| કામગીરી | માર્કસ | યુજીવીસીએલ | ટીપીએસ ઈસીએલ | એનડીપીએલ |
|---|---|---|---|---|
| એટીએન્ડસી લોસીસ | ૫૦ | ૪૦.૫૩ | ૩૨.૫૨ | ૨૯.૯૩ |
| ફાયનાન્સીયલ ટર્મ એરાઉન્ડ | ૨૦ | ૨૦.૦૦ | ૧૯.૪૪ | ૧૯.૦૭ |
| મીટરીંગ | ૧૫ | ૦૮.૪૨ | ૧૫.૦૦ | ૧૫.૦૦ |
| રીલાયબીલીટી | ૧૫ | ૦૩.૫૨ | ૧૪.૮૪ | ૦૮.૬૪ |
| કુલ | ૧૦૦ | ૭૨.૪૭ | ૮૧.૮૦ | ૭૨.૬૩ |

આમ, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની ૭૨.૪૭ ગુણ સાથે બ્રોન્ઝ શીલ્ડ માટે પસંદગી થઈ.

વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કમગીરી માટે ગોલ્ડ શીલ્ડ તથા સીલ્વર શીલ્ડ મેળવનાર કંપનીઓનું ખાનગી ધોરણે સંચાલન થાય છે. જ્યારે સરકાર હસ્તક સંચાલન હોય અને શીલ્ડ મેળવનાર હોય તેમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ એક માત્ર કંપની છે. જે સમગ્ર દેશ માટે નોંધપાત્ર તેમજ ગુજરાત રાજ્ય માટે ગૌરવપ્રદ બાબત છે.

વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે તમામ કર્મચારીઓની કામગીરી, પુરુષાર્થ તથા ટીમસ્પીરીટે અગત્યનો ભાગ ભજવેલ છે. જ્યારે પણ કંપની દ્વારા ખાસ પ્રકારની કામગીરી પડકાર તરીકે સ્વીકારવામાં આવી હોય ત્યારે કર્મચારીઓએ હંમેશા ઉત્સાહભેર પડકારને વધાવીને અપેક્ષા કરતા પણ વધુ સારી રીતે આવા અભિયાનો પાર પાડેલ છે. કંડલા વાવાઝોડુ હોય, કચ્છનો ભૂકંપ હોય કે પછી સુરતમાં આવેલ પૂર હોય જ્યારે પણ કંપનીના કર્મચારીઓને કામગીરી સોપવામાં આવી હોય ત્યારે સફળતાપૂર્વક પાર પાડવામાં તેઓ હંમેશા અગ્રેસર રહ્યા છે. કંપનીનું માળખુ હંમેશા આ પ્રકારની કામગીરી માટે કટિબધ્ધ છે. ભવિષ્યમાં પણ વધુ સારી કામગીરી દ્વારા કંપની સફળતાના શિખરો સર કરવા તૈયાર છે.

માનનીય વડાપ્રધાન ડૉ. મનમોહનસિંગ દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપનીના ચેરમેનશ્રી જી.પી. મહાપાત્ર તથા મેનેજીંગ ડિરેક્ટરશ્રી એચ. એસ. પટેલ ને રાષ્ટ્રિય એવોર્ડ કંપની વતી એનાયત કરવામાં આવેલ.

આ પ્રસંગે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ના મુખ્ય ઈજનેરશ્રી બી. આર. જોષી તથા ગુજરાત એનર્જી કોર્પોરેશનના નાયબ મહા પ્રસંધક શ્રી રોમી ભાટીયા ઉપસ્થિત રહ્યા હતાં.

# ઉત્કૃષ્ટ કામગીરી દ્વારા ઉચ્ચ લક્ષ્યાંકોની સિધ્ધિ પ્રસ્થાપિત કરતું જાદર સબડીવીઝન

## વીજ વિતરણ ક્ષેત્રે ઉદાહરણરૂપ કામગીરી દ્વારા નવો રાહ ચીંધે છે...

"**બ્રોન્ઝ શિલ્ડ**" દ્વારા ઊર્જા ક્ષેત્રે સમગ્ર ભારત - ભરમાં જાણીતી થયેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હસ્તકના હિંમતનગર સર્કલના ઈડર ડીવીઝનના તાબા હેઠળના જાદર સબ - ડીવીઝને ઉત્કૃષ્ટ કામગીરી દ્વારા ઉચ્ચ લક્ષ્યાંકો પ્રસ્થાપિત કરી ઉદાહરણરૂપ કામગીરી હાથ ધરેલ છે. જેને લઈને વીજ વિતરણ કંપનીમાં હકારાત્મક પ્રતિભાવો જાણવા મળ્યા છે.

સાબરકાંઠા જેવા પછાત કહેવાતા જીલ્લાના ઈડર ડીવીઝનમાં તાબામાં આવેલ જાદર સબ ડીવીઝન અંતરીયાળ ગામોના વીજ વિતરણની કામગીરી કરી રહેલ છે. આર્થિક દૃષ્ટિએ મહદઅંશે પાછળ તેવા કુલ - ૧૩,૨૯૬ એલ. ટી. ગ્રાહકો છે. જ્યારે ૩ એચ. ટી. ગ્રાહકો ધરાવે છે. ૩૮૧ ટ્રાન્સફોર્મર સાથે ૨૮,૬૪૪ કેવીએનો લોડ ધરાવે છે. જાદર સબ ડીવીઝન દ્વારા કુલ ૩૧ ગામોમાં વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. સબ ડીવીઝનમાં કુલ ૮ ફીડરો છે. જે પૈકી ૩ જ્યોતિગ્રામ અને ૫ ખેતીવાડી ફીડરો છે.

વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન રૂા. ૩,૬૫,૬૧,૦૦૦ ની બીલ આકારણી સામે કલેક્શન રૂા. ૩,૩૧,૪૭,૦૦૦ તથા રૂા. ૨૭,૭૨,૦૦૦ ની ક્રેડીટ એડજસ્ટમેન્ટ સહિત કુલ ૯૮.૮૪% રીકવરી કરેલ છે. બાકી લ્હેણાં માટે પાણી પુરવઠા બોર્ડ સાથે રીકવરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહેલ છે. આમ વર્ષના અંતે રૂા. ૭,૦૦૦/-ની એરીયર્સ બાકી રહેલ છે. જે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ હસ્તકની તમામ વીજ વિતરણ કંપનીઓના તાબા હેઠળની પેટા વિભાગીય કચેરીઓ પૈકી સૌથી ઓછામાં ઓછી એરીયર્સ છે. આવક વૃધ્ધિ થાય તે માટે સીંગલ ફેઈઝ એમ.એમ. બોક્ષ તમામ ગ્રાહકોના મીટર ઉપર લગાડેલ છે. આમ એક પણ ગ્રાહકનું મીટર બોક્ષ વગર બાકી નથી.

ચોરી તેમજ ગેરરિતીના બીલો ગ્રાહકોને સમયસર મોકલી નાણાંની વસુલાત ત્વરિત કરવામાં આવે છે. જેને લીધે માત્ર બે નોન કન્ઝયુમર સિવાય વસુલાત થઈ ગયેલ છે. મુદત વીતી ગયેલ કોઈ જ લ્હેણું બાકી નથી. નોન કન્ઝયુમર ૨ (બે) છે. જે પેટે રૂા. ૯૩,૦૦૦/- વસુલાત બાકી છે. જે પૈકી એક ૧ સીવીલ સ્યુટ પેડીંગ રૂા. ૭૩,૦૦૦/- નો છે. જ્યારે એક કેસમાં રૂા. ૨૦,૦૦૦/- ની વસુલાત થઈ શકે તે માટે જજમેન્ટ આવી ગયેલ છે. વસુલાત માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

માર્ચ - ૨૦૦૭ ના અંત સુધી આ સબ ડીવીઝનમાં એક પણ ગ્રાહક કનેક્શન કાપવા માટે બાકી નથી.

બદલેલ મીટરની કિંમતની વસુલાત બાકી નથી.

વર્ષ ૨૦૦૬-૦૭ માં એક પણ ઓડીટ પેરાનો જવાબ બાકી નથી.

વર્ષ ૨૦૦૬-૦૭ માં વેચાણ કરેલ યુનિટમાં ૮.૬૫% નો વધારો તેમજ આકારણીમાં ૮.૨૦%નો વધારો થયેલ છે.

વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન નિયમિતપણે બીલનો પોગ્રામ હાથ ધરવામાં આવેલ છે.

સમયસર નવીન કનેક્શનોના જોડાણો આપવામાં આવેલ છે. માર્ચ - ૦૭ ના અંતમાં એક પણ કનેક્શનનું જોડાણ આપવાનું બાકી નથી.

બીલીંગ પોગ્રામ દરમ્યાન મીટર રીડર દ્વારા નોંધવામાં આવેલ નોંધ ઉપર ત્વરિત કાર્યવાહી કરવામાં આવે છે. સીનીયર આસીસ્ટન્ટ (મહેકમ) દ્વારા સમયાંતરે મીટર રીડર દ્વારા કરવામાં આવેલ રીડીંગનું ક્રોસ ચેકીંગ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન માણસો અને પશુઓનાં પ્રાણઘાતક કે બીન પ્રાણઘાતક એક પણ અકસ્માત થયેલ નથી.

વર્ષ દરમ્યાન ૨,૯૭૮ મીટરોનું ચેકીંગ કરવામાં આવેલ છે. જેમાંથી ૯૨ કેસમાં ચોરી તેમજ ૧૬માં ગેરરિતી માલુમ પડેલ છે. જેની આકારણી રૂા. ૪,૬૩,૦૦૦/- કરવામાં આવેલ છે. જેમાંથી રૂા. ૪,૪૩,૦૦૦/- ની રીકવરી કરવામાં આવેલ છે.

કોમ્પ્યુટર રીપોર્ટ ૧૭૬ મુજબ કુલ ૫૯ મીટરો માર્ચ ૦૭ ના અંતે ખામીયુક્ત માલુમ પડેલ છે. જે બદલવાની કામગીરી પણ હાથ ધરેલ છે.

અંતરીયાળ તેમજ આર્થિક રીતે પાછળ રહેલ ભૌગોલિક વિસ્તાર હોવાને લીધે ગ્રાહક દીઠ વપરાશ રહેણાકમાં ૪૦.૫૪ પ્રતિમાસ, ધંધાકીય ગ્રાહકોમાં ૫૫.૭૫ પ્રતિમાસ તથા મીટરવાળા ખેતીવાડી ગ્રાહકોમાં ૩૦૮.૫૭ પ્રતિમાસ યુનિટ આવે છે.

તમામ પીડીસી ગ્રાહકોના સ્થળેથી સર્વિસ લાઈનો કાઢી લીધેલ છે.

તારીખ : ૩૧-૦૩-૨૦૦૭ ના રોજ નામ બદલવાની, લોડ ઘટાડવાના, કાયમી ધોરણે જોડાણો બંધ થયેલાની ફરી ચાલુ કરવાની, લોડ વધારાના દરખાસ્ત, સરકારશ્રી, કોર્પોરેટ ઓફીસ, વિભાગીય કચેરીમાંથી આવેલ સંદર્ભિત પત્રો અંગેની કોઈ જવાબો આપવાના બાકી નથી.

કોમ્પ્યુટર રજીસ્ટર દ્વારા માસિક આવકનું રજીસ્ટ્રેશન નવા જોડાણ આપવાનું રજીસ્ટર તથા નવા ગ્રાહકોની નોંધણી, નવા ગ્રાહકો અંગેની માહિતીની નોંધણી એડજસ્ટમેન્ટ કન્ટ્રોલ રજીસ્ટરમાં નિયમિત નોંધો કરવામાં આવે છે.

ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન દ્વારા કરવામાં આવેલ ભલામણ અન્વયે નિર્ધારિત ધોરણે ગ્રાહકોની ફરીયાદોનો અચૂકપણે નિકાલ કરવામાં આવે છે. તારીખ : ૩૧-૦૩-૨૦૦૭ ના રોજ કોઈપણ ગ્રાહક ફરીયાદનું નિવારણ બાકી નથી.

જ્યોતિગ્રામ યોજના અન્વયે દરેક ગામડાનું ફીડર પ્રમાણે એનર્જી ઓડિટ કરવામાં આવે છે. દરેક ફીડર ઉપર મીટરો લગાવવામાં આવેલ છે. એનર્જી ઓડિટ અન્વયે જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

આમ જાદર સબ ડીવીઝન દ્વારા કરવામાં આવેલ ઉત્કૃષ્ટ કામગીરીનો તલસ્પર્શી અભ્યાસ કરતા દરેક ક્ષેત્રમાં આદર્શ પરિસ્થિતિ જોવા મળે છે.

જાદર સબ ડીવીઝનની કામગીરીથી પ્રભાવિત થઈને કંપનીના મેનેજીંગ ડિરેક્ટરશ્રી એચ. એસ. પટેલ દ્વારા મુ.કા.અ. અને અ.ઈ., હિંમતનગર, કાર્યપાલક ઈજનેરશ્રી ઈડર, નાયબ ઈજનેર, જાદર તથા ઉત્કૃષ્ટ કામગીરીને સંલગ્ન તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવેલ છે. તેમજ ભવિષ્યમાં પણ આવી ઉદાહરણરૂપ કામગીરી દ્વારા કંપનીના ઉચ્ચ લક્ષ્યાંકો હાંસલ કરવા અનુરોધ કરેલ છે.

# ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા તરફથી યુ.જી.વી.સી.એલ. ને પ્રાપ્ત થયેલ દ્વિતીય એવોર્ડ

## યુજીવીસીએલે મેળવેલ વધુ એક સિધ્ધિ.....

ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટસના જ્યુરી દ્વારા નેશનલ એવોર્ડ ફોર એક્સીલેન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૭ ની ઉત્કૃષ્ટ કામગીરી અન્વયે દ્વિતીય એવોર્ડ માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ની પસંદગી કરવામાં આવેલ છે. જ્યુરીના વડા તરીકે સુપ્રિમકોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટીસ ના શ્રી જે. એસ. વર્માએ ફરજ બજાવેલ છે.

૧,૦૦૦ કરોડથી વધુ ટર્ન ઓવર ધરાવતી સર્વિસ પ્રોવાઈડર તરીકેની કંપની કેટેગરીમાં ઉત્તર ગુજરાત વીજ કંપની ને સદર એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બાદ ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી મેળવેલ "**બ્રોન્ઝ શીલ્ડ**" બાદ રાષ્ટ્રિય કક્ષાના કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૭ નાં આ એવોર્ડે કંપનીમાં ઉત્સાહ પૂરો પાડવાનું કામ કરેલ છે. કંપનીના મેનેજીંગ ડિરેક્ટરશ્રી દ્વારા ચીફ ફાઈનાન્સ મેનેજર તથા સંલગ્ન તમામ કર્મચારીઓને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવેલ છે.

# લંડન સ્કૂલ ઓફ બિઝનેસ દ્વારા જીયુવીએનએલ દ્વારા કરવામાં આવેલ રીફોર્મનો કેસ સ્ટડી તરીકે સ્વીકાર.

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની નજરે...

ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ અસ્તિત્વમાં આવેલ ૭ (સાત) કંપનીઓ કર્યાન્વિત થતાં ત્રણ વર્ષના ખૂબ જ ટુંકા ગાળામાં સુદ્રઢ સંચાલન વ્યવસ્થા દ્વારા ખોટ કરતા સરકારી એકમમાંથી વ્યવસાયિક ધોરણે નફો કરતી સંસ્થા તરીકેની નોંધપાત્ર પ્રગતિને ધ્યાનમાં લેતાં જગ વિખ્યાત લંડન સ્કૂલ ઓફ બીઝનેશ કે જે આર્થિક ક્ષેત્રમાં પોતાના આગવા પ્રદાન દ્વારા સમગ્ર દુનિયાને આર્થિક વિશ્લેષણ દ્વારા દિશાનિર્દેશ આપે છે, તે સંસ્થાએ સમગ્ર પ્રગતિની બાબતોનો કેસ સ્ટડી તરીકે સ્વીકાર કર્યો છે.

ગુજરાતના તમામ ગામોને સતત ૨૪ કલાકથી થ્રી ફેઈઝ વીજ પુરવઠો પૂરો પાડવાની સરકારશ્રીની મહત્વકાંક્ષી જ્યોતિગ્રામ યોજનાને લીધે ગુજરાતના વિકાસની ગતિ તેજ બનેલ છે. અગાઉ ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ (CII) જે વેપાર ઉદ્યોગનું સ્વતંત્ર પ્રતિનિધિત્વ કરે છે, સેન્ટર ફોર અન્વાર્યમેન્ટ પ્લાનીંગ એન્ડ ટેકનોલોજી (CEPT) વિવિધ યોજનાઓની અસરો વિશે અભ્યાસ કરતી સ્વતંત્ર સંસ્થા, ઈન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ, આણંદ (IRMA), હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ તેમજ ઈન્ડિયા ટુડે અંગ્રેજી ભાષાના સુપ્રસિધ્ધ રાષ્ટ્રિય અઠવાડીક દ્વારા જ્યોતિગ્રામ યોજનાની અસરોનો અભ્યાસ હાથ ધરવામાં આવેલ.

અહીં મહત્વની બાબત એ છે કે, લંડન સ્કૂલ ઓફ બિઝનેસ દ્વારા "જીઈબી ટર્ન એરાઉન્ડ એન્ડ કમ્પલીટ રૂરલ ઈલેક્ટ્રીફિકેશન ઈન ગુજરાત" ના કેસ સ્ટડીના વિષય તરીકે પસંદગી ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ફોરેન ટ્રેડ (CIFT) ના અધ્યક્ષ શ્રી રાકેશ મોહન જોશી દ્વારા કરવામાં આવેલ છે, અને લંડન ખાતે આદિત્ય વી. બીરલા ઈન્ડિયા સેન્ટરમાં આયોજીત સ્પર્ધામાં રજુ કરવામાં આવેલ છે.

આમ, **"જ્યોતિગ્રામ યોજના"** દ્વારા ગ્રામ્ય જીવન પર થયેલ સમાજીક અને આર્થિક અસરોના વાસ્તવિક પરિણામોના અભ્યાસની આવશ્યકતા ઉભી થયેલ છે.

અહીં નોંધપાત્ર ઘટના એ છે કે, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, એ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, હસ્તકની એવી વીજ વિતરણ કંપની છે કે, જેણે જ્યોતિગ્રામ યોજનાની શરૂઆત તેમજ પુર્ણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવેલ છે. જ્યોતિગ્રામ યોજના પૂર્ણ કરવાનું શ્રેય મેળવનાર રાષ્ટ્રનું પ્રથમ ગામ દાસજ, પ્રથમ તાલુકો ઊંઝા, પ્રથમ જિલ્લો મહેસાણા તથા પ્રથમ કંપની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા એ સમગ્ર ગુજરાતનું નામ રાષ્ટ્રમાં અને હવે આંતરરાષ્ટ્રિય કક્ષાએ ગુંજતુ કરવામાં મહત્વનો ફાળો આપેલ છે. જ્યોતિગ્રામ યોજનાની સફળતાના મહત્વના પરિબળ તરીકે સ્પેશ્યલ ડીઝાઈનર ટ્રાન્સફોર્મરના આવિષ્કારે સોનામાં સુગંધ ભેળવેલ જેટલું મહત્વનું કામ પુરવાર કર્યુ છે. એક બાજુ ખેડૂતોને નિર્ધારિત ૮ (આઠ) કલાકનો થ્રી ફેઈઝ વીજ પૂરવઠો પૂરો પાડવાની અગત્યતા એટલે કે, બાકીના ૧૬ કલાક વીજ પુરવઠા વિનાની પરિસ્થિતિ ઉભી ન થાય તેમજ વીજ ગેરરીતિ દ્વારા વીજ વિતરણ ખોરવાઈ જવાની પરિસ્થિતિ ઉભી ન થાય તે મહત્વની બાબતોના સમાધાનના વિકલ્પ રૂપે ઉત્તર ગુજરાત વીજ કંપનીના મહેનતુ અને કર્મનિષ્ઠ ઈજનેરો દ્વારા સ્પેશ્યલ ડીઝાઈન ટ્રાન્સફોર્મરના સંશોધન કરી ERDA દ્વારા પ્રમાણિત કરાવ્યા બાદ સફળ ઉપયોગ દ્વારા મહત્વનું કામ પુરવાર કરેલ છે.

તા. ૧-૪-૨૦૦૫ થી વાણિજ્ય ધોરણે કાર્યરત થયેલ આ કંપનીનો તે સમયનો ટી એન્ડ ડી લોસીસ ૨૮.૩૧% હતો, જ્યારે હાલમાં ૧૪.૪૫% થયેલ છે. સમગ્ર કામગીરી માટે સઘન ચેકીંગ ઝુંબેશ, ૮૪૦ કિ.મી. જેટલો ઈન્સ્યુલેટેડ કન્ડકટરનો ઉપયોગ, છેલ્લા ૩ વર્ષ દરમ્યાન ૭,૧૩,૦૦૦ થી પણ વધુ જુના અને ખામી યુક્ત મીટરોના સ્થાને નવા મીટરો નાખવામાં આવ્યા, ૫૩ હજાર ખેતીવાડી ગ્રાહકોને સ્વેચ્છિક જાહેરાત યોજના હેઠળ આવરી લેવામા આવ્યા તેમજ ૪ લાખ ગ્રાહકોનો વીજ ભાર સ્વેચ્છિક જાહેરાત યોજના મુજબ નિયમિત કરવામાં આવેલ છે. છેલ્લા ચાર વર્ષની આવક અને ગ્રાહકોની સંખ્યા નીચે મુજબ છે.

| વર્ષ | આવક (કરોડમાં) | ગ્રાહકોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૪ - ૦૫ | ૨,૧૮૫ | ૧૮,૬૯,૮૮૯ |
| ૨૦૦૫ - ૦૬ | ૨,૨૫૮ | ૧૯,૪૩,૨૨૫ |
| ૨૦૦૬ - ૦૭ | ૨,૬૨૩ | ૨૦,૨૩,૦૩૧ |
| ૨૦૦૭ - ૦૮ (જાન્યુ.-૦૮) | ૨,૪૫૧ | ૨૧,૬૧,૭૩૧ |

તારીખ : ૨૯-૦૨-૨૦૦૮ ના રોજ એચ.ટી.લાઈન ૬૬,૫૪૨ એલ.ટી.લાઈન ૫૬,૯૫૬ કુલ ફીડરો ૨,૮૯૫ તથા ટ્રાન્સફોર્મરની સંખ્યા ૧,૦૮,૭૬૬ સાથેની વીજ વિતરણ વ્યવસ્થા સંભાળે છે.

વર્ષ ૨૦૦૬ - ૦૭ દરમ્યાન ૨૫૩ લોક અદાલતોનું આયોજન કરી ૧૫,૬૫૪ કેસોનો નિકાલ કરી આશરે ૪૯૩ લાખના દાવા પતાવવામાં આવ્યા. આમ ટી એન્ડ લોસ ઘટાડવામાં તેમજ આવક વૃધ્ધિ અંગે મહત્વના પગલાઓ લેવામાં આવેલ છે.

"E-Urja" કાર્યક્રમ અંગે તમામ વીજ વિતરણ કંપનીઓમાં ઉત્તર ગુજરાત વીજ કંપની અગ્રેસર રહેલ છે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, હસ્તકની અન્ય કંપનીઓ પૈકી વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી "**બ્રોન્ઝ શિલ્ડ**" અર્પણ કરવામાં આવેલ છે. ખેતીવાડી ક્ષેત્રે વીજ પુરવઠો પૂરો પાડનાર તથા માત્ર ગ્રામ્ય વિસ્તારમાં પોતાનું સંચાલન કરતી હોવા છતાં માનનીય વડા પ્રધાન શ્રી ડૉ. મનમોહનસીંગના વરદ્ હસ્તે "**બ્રોન્ઝ શિલ્ડ**" મેળવી રાષ્ટ્રની તમામ વીજ વિતરણ કંપનીઓમાં પોતાનું અગ્ર સ્થાન પુરવાર કર્યું છે. "**બ્રોન્ઝ શિલ્ડ**" માટેની કામગીરી માટે નિર્ધારિત કામગીરીમાં ટી એન્ડ ડી લોસમાં ૫૦ માંથી ૪૦.૫૩ ગુણ ફાઈનાન્સીયલ ટર્નએરાઉન્ડમાં ૨૦ માંથી ૨૦ ગુણ મીટરીંગમાં ૧૫ માંથી ૦૮.૪૨ ગુણ તથા રીલાયલીટીમાં ૧૫માંથી ૩.૫૨ ગુણ મેળવી કુલ ૭૨.૪૭ ગુણ મેળવેલ છે. અત્યાર સુધી રાષ્ટ્રની વીજ વિતરણ કંપનીઓ મુલાકાત લઈને અભ્યાસ કરતી હતી હવે આંતરરાષ્ટ્રિય કક્ષાએ થનાર અભ્યાસે સમગ્ર ભારતમાં ગુજરાતનું ગૌરવ વધારેલ છે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, હસ્તકની અગ્રીમ વીજ વિતરણ કંપની તરીકે લંડન સ્કૂલ ઓફ બીઝનેસ દ્વારા રીફોર્મ્સની પ્રક્રિયાને કેસ સ્ટડી તરીકે ધ્યાનમાં લેવાની ઘટનાના કંપનીમાં હકારાત્મક પ્રતિભાવ જાણવા મળેલ છે અને કંપનીના વીજ વિતરણની કામગીરી અંગે આનંદ સાથે ગૌરવની લાગણી વ્યક્ત કરવામાં આવેલ છે.

## વણીકર કલબ, મહેસાણા ખાતે યોજાએલ ઉત્તર ગુજરાત વીજ કંપનીના વિકલાંગ કર્મચારીઓને માર્ગદર્શન માટેનો સેમીનાર

તારીખ : ૦૯-૦૧-૨૦૦૮ ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ દ્વારા કંપનીમાં ફરજ બજાવતા કર્મચારીઓની હાજરીમાં માર્ગદર્શન માટે સેમીનારનું આયોજન માનવ સંપાદન વિભાગ દ્વારા કરવામાં આવેલ.

સમારંભના પ્રમુખ સ્થાને ડૉ. ભાસ્કર મહેતા, કમિશ્નર ઓફ પર્સન વીથ ડીસએબીલીટી, ગાંધીનગર તથા અન્ય મહાનુભાવોમાં શ્રી રાવલ સાહેબ, આસીસ્ટન્ટ કમિશ્નર, ગાંધીનગર, શ્રી પી. આર. ચૌધરી, ખાસ ફરજ પરના અધિકારી, શ્રી બી. આર. જોશી, મુખ્ય ઈજનેરશ્રી, શ્રી ડી. એમ. તિવારી, ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ. આર.) એ હાજરી આપેલ.

શ્રી બી. આર. જોશી, મુખ્ય ઈજનેરે અકસ્માત થવાના વિસ્તૃત કારણોની માહિતી આપેલ અને જણાવેલ કે ખોડખાંપણ જન્મથી પણ થઈ શકે છે. તેમજ અકસ્માતથી પણ કર્મચારી વિકલાંગ થઈ શકે છે. ભ્રષ્ટાચારી કર્મચારીને નૈતિક વિકલાંગતતા તેમજ કામચોરી એ માનસિક વિકલાંગતા દર્શાવે છે. કંપનીના ઘણા વિકલાંગ કર્મચારીઓ ખૂબ જ કાર્યક્ષમતાથી કામગીરી કરે છે જેની નોંધ લીધેલ.

શ્રી પી.આર. ચૌધરી, ખાસ ફરજ પરના અધિકારીએ વિકલાંગ કર્મચારીઓને વિકલાંગતાની માનસિકતા ત્યજી આત્મવિશ્વાસ કેળવી કામ કરવા આહ્વાન કરેલ. વધુ પડતા આત્મવિશ્વાસથી જ અકસ્માત થાય છે. વિકલાંગ કર્મચારીઓએ કરેલ ભૂલો બીજા કર્મચારીઓ ન કરે તે માટે અનુરોધ કરેલ.

ડૉ. ભાસ્કર મહેતાએ હળવી શૈલીમાં રમુજ સાથે સેમીનારના આમંત્રણ આપવા બદલ કંપનીનો આભાર માનેલ અને વિકલાંગ ધારો ૧૯૯૫ ની વિસ્તૃત છણાવટ કરી વિકલાંગ કર્મચારીઓને મુંઝવતા પ્રશ્નોનો સરળ ભાષામાં જવાબો આપેલ. કુલ વસ્તીના ૩% વિકલાંગો છે. તે સૌ શિક્ષણ મેળવે તે જોવાની સમાજની ફરજ છે. દેશના વિકાસના મહત્વના પરિબળ બનવા માટેનો આત્મવિશ્વાસ પોતાની સંસ્થાને આપવા વિકલાંગ કર્મચારીઓને આહવાન આપેલ.

આ પ્રસંગે કંપનીના કુલ ૯૬ (છન્નું) વિકલાંગ કર્મચારીઓ પૈકી ૮૫ ભાઈ-બહેનોએ હાજરી આપી. સેમીનારને સફળ બનાવવા યોગદાન આપેલ. શ્રી પી.આર. પટેલ, નાયબ ઈજનેર, વિસનગર વિભાગીય કચેરી દ્વારા વિકલાંગો કર્મચારીઓ વતી આભાર માનેલ.

અંતમાં શ્રી ડી. એમ. તિવારી, ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક હાજર રહેલ મહાનુભાવોનો અને કર્મચારીઓનો આભાર માનેલ અને ઉત્તર ગુજરાત વીજ કંપની પોતાના વિકલાંગ કર્મચારીઓને પડતી તકલીફોના નિવારણ માટે હંમેશા હકારાત્મક રહેશે તેની ખાત્રી આપેલ.

શ્રી એસ. એલ. પટેલ, અધિક્ષક (એચ. આર.) દ્વારા કર્મચારીનું સફળ સંચાલન કરવામાં આવેલ અને એચ. આર વિભાગ દ્વારા સુંદર આયોજન કરવામાં અવેલ.

# હિંમતનગર વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રના ૧૧ કેવી. પ્રાંતિજ (શહેરી) ફીડરનો લાઈન લોસ ઘટાડવાનો નક્કર પ્રયાસ.

ઉત્તર ગુજરાત વીજ કંપનીના હિંમતનગર વર્તુળ કચેરીના તાબા હેઠળની પ્રાંતિજ પેટા વિભાગીય કચેરીના પ્રાંતિજ શહેરમાં વીજ પૂરવઠો પુરો પાડતા ૧૧ કેવી. પ્રાંતિજ (શહેરી) ફીડર ટીએન્ડડી લોસીસ કે જે છેલ્લા ઘણા સમયથી મર્યાદા કરતાં વધુ આવતો હતો. બદલાયેલ સંજોગો અને કંપનીની હાલની કામગીરીઓ લક્ષમાં લેતાં સામાન્ય રીતે શહેરી વિસ્તારોના વીજફીડરોના એલ.ટી. લોસીસ ૧૫% કરતાં ઓછા હોવા જોઈએ એવું માનવમાં આવે છે. હિંમતનગર વર્તુળ કચેરીના અન્ય શહેરી વિસ્તારોના ફીડરોના લોસીસ મર્યાદાની અંદર રહે છે. જ્યારે પ્રાંતિજ શહેરી વિસ્તારનો લોસીસ ૪૦% ની આજુ બાજુ રહેતો હતો. કંપનીકરણ થયા પછી આવા ભારે વીજ લોસીસ વાળી પરિસ્થિતિ કંપનીના અસ્તિત્વ માટે ઈચ્છવા યોગ્ય ન હોઈ લોસીસ ઘટાડવાના અભિયાન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ.

સદર ફીડર પર કુલ ૪૫૦૦ જેટલા ઘર વપરાશના વીજ ગ્રાહકોને આવરી લે છે. વીજ ગ્રાહકોના વસવાટની ભૌગોલિક પરિસ્થિતિ જોતાં સાંકડી ગલીઓ, તેમજ ડેલી બંધ મકાનો આવેલ છે. જેથી એલ.ટી. લાઈન તેઓના મકાનની એકદમ નજીકથી પસાર થતી હોઈ વીજ ગેરરીતિ કરવા માટે લાઈન પરથી અનુકુળ પરિસ્થિતિ મળી રહેતી. મકાનોના આગળના ભાગમાં ઓસરી હોતી નથી અને સદર ગ્રાહકોને ત્યાં વીજ મીટરો મકાનની અંદર ફીટ કરેલા હતા. જેને લીધે વીજ ચેકીંગ તેમજ રીડીંગ વખતે કંપનીના કર્મચારીઓને ખુબ જ પ્રતિકુળ પરિસ્થિતિનો સામનો કરવો પડતો હતો. તેમજ લોકો તરફથી સંઘર્ષનો પણ સામનો કરવો પડતો હતો.

આ ફીડરના લોસીસ ઘટાડવા માટે અગાઉ ઘણી જ વખત વિભાગીય કચેરી તેમજ પેટા વિભાગીય કચેરી દ્વારા પુરતા પ્રયત્નો કરવામાં આવેલ. તેમજ દરેક વખતે ઉપરોક્ત વિસ્તારના લોકો દ્વારા સઘન ચેકીંગનો બહિષ્કાર તેમજ જે તે વિસ્તારમાં યેનકેન પ્રકારે ટોળાશાહીમાં ભેગા થઈ ચેકીંગની કાર્યવાહી રોકાવી દેવામાં આવતી. વધુ પડતા લોસીસના કારણે કંપનીના ઝોનલ ડ્રાઈવમાં તેમજ અગાઉના જીઈબી સમયમાં હેડ ઓફિસ ડ્રાઈવમાં પણ સદર વિસ્તારમાં ચેકીંગ વખતે યેનકેન પ્રકારે રૂકાવટપેદા કરવામાં આવતી. જેના લીધે સ્ટાફના કર્મચારીઓનું નૈતિક મનોબળ તુટી જતું હતું તેમજ નિયમિત વીજ ગ્રાહકો આ પરિસ્થિતિ અંગે કંપની યોગ્ય કામગીરી ન કરી શકવા અંગે અસંતોષની લાગણી વ્યક્ત કરવામાં આવતી હતી.

આ બાતે કંપનીના ઉચ્ચ કક્ષાના સત્તાવાળાનું ધ્યાન દોરતાં કંપની દ્વારા સદર કાર્યવાહી બાબતે મક્કમ નિર્ધાર કરતા પ્રાંતિજ ફીડરના લોસીસ ઘટાડવાનું આયોજન તા. ૨૭-૧૨-૦૭ ના રોજ કરવામાં આવ્યું. આ વિસ્તારમાં તોફાન થવાની શક્યતા હોઈ તેમજ વીજ મીટરો બદલવાની કામગીરીમાં રૂકાવટ પેદા થવાની પુરેપુરી શક્યતા જોતા ડી.એસ.પી.ને પત્ર લખી સદર વિસ્તારમાં કામગીરી સમયે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા માટે પુરતો પોલીસ બંદોબસ્ત આપવા જણાવેલ. આ કાર્યવાહી તા. ૦૭-૦૧-૨૦૦૮ ના રોજ પુરતા પોલીસ બંદોબસ્ત, સ્થાનિક તેમજ સાબરમતી પોલીસ સ્ટાફની મદદથી તેમજ કંપનીના એક્સ આર્મીમેનની ગેંગ, મીટર બદલવાની કામગીરી માટે વીજ કર્મચારીઓની કુલ ૯ (નવ) ગેંગ સાથે અધિક્ષક ઈજનેર શ્રી આર. જી. એન્જીનીયરના માર્ગદર્શન હેઠળ ચાલુ કરવામાં આવેલ. સ્થાનિક આગેવાને સમગ્ર કામગીરી આવશ્યક હોઈ પૂર્ણ કરવા અંગે શ્રી એ. વી. ચૌધરી (પી.આઈ.) ની હાજરીમાં સંમત કરવામાં આવેલ. બીજા દિવસે વધુ કર્મચારીઓની ગેંગ બનાવી કામ ચાલુ કરવામાં આવેલ, મીટરો બદલવાની કાર્યવાહી સાથે એલ.ટી. લાઈનનો, જુનો વાયર કાઢી એક્સએલ.પી.ઈ. કોટેડ કન્ડક્ટર તેમજ સર્વિસ વાયર આર્મર કેબલ તેમજ લોખંડની પેટીની જગ્યાએ સીન્ટેક્ષની એસએમસી બોક્ષ, ઘરની બહારની દિવાલ ઉપર બોક્ષના સર્વિસ વાયરના હોલમાં કોઈ પણ જગ્યાએથી વીજ ગેરરીતિ ન થઈ શકે તે રીતે એમસીલ લગાવી બોક્ષને સીલ મારવામાં આવેલ અને શંકાસ્પદ જુના મીટરોના પડીકા વાળી પરત કબજે લીધેલ.

આમ જડબેસલાક કાર્યવાહી કરવામાં આવેલ. કંપનીના કર્મચારીઓની સફળ કામગીરી અંગે ઉત્સાહ વધતાં ઝડપથી કાર્યવાહી પુરી કરવા માટે વધુ બીજી ૧૮ ગેંગો સાથે કુલ ૨૬ ગેંગો દ્વારા આ કાર્યવાહી ઝડપથી કરવાનું આયોજન પાર પાડેલ અને સદર વિસ્તારમાં ૧૫ દિવસમાં કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ.

કાર્યવાહી ચાલુ થઈ ત્યારથી ફીડર પરના એમ્પીયર લોડમાં ઘટાડો થવા પામેલ તેમજ સદર ફીડરના સેંટઆઉટ યુનીટમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધવા પામ્યો હતો. આ કાર્યવાહીમાં કર્મચારીઓનો ઉત્સાહ વધારવા તેમજ તે જાત નિરીક્ષણ માટે તા. ૧૧-૧-૨૦૦૮ ના રોજ કંપનીના મેનેજીંગ ડીરેકટરશ્રી એચ. એસ. પટેલે બધા જ વિસ્તારમાં ફરી કર્મચારીઓનો ઉત્સાહ વધારેલ અને કંપનીની કામગીરી ગ્રાહકલક્ષી હોઈ સાનુકુળ વાતાવરણ સર્જાય તે દિશામાં કામગીરી કરેલ. કામગીરી પૂર્ણ થયા બાદ મેનેજીંગ ડીરેક્ટરશ્રી દ્વારા સંતોષની લાગણી વ્યક્ત કરવામાં આવેલ અને સફળ કામગીરી કરવા બદલ કામમાં રોકાયેલ તમામ કર્મચારીને અભિનંદન આપી પ્રોત્સાહન પુરૂ પાડેલ.

**૧૧ કે.વી. પ્રાંતીજ ફીડર ઉપર જ્યાં વધારે વીજ ગેરરીતિ થતી હતી તથા કામગીરીમાં અવરોધ આવતો હતો તે વિસ્તારમાં કામગીરી પૂર્ણ થયા બાદ થયેલ સુધારાની માહિતી :**

| | | |
|---|---|---|
| ૧. | કામગીરી શરૂ કર્યા તારીખ | : ૦૭-૦૧-૨૦૦૮ |
| ૨. | કામગીરી પૂર્ણ કર્યા તારીખ | : ૨૩-૦૧-૨૦૦૮ |
| ૩. | કામગીરીનાં કુલ દિવસ | : ૧૫ |
| ૪. | કામગીરી પાછળ થયેલ કુલ ખર્ચ | : રૂા. ૧૬,૧૩,૨૧૩/- |
| ૫. | કામગીરી શરૂ કર્યા અગાઉના મહિનાના એટલેકે (ડિસે.-૦૭) નાં સેન્ટ આઉટ યુનિટ. | : ૧૨,૭૯,૦૮૦ ૧૬૦ Amp. |
| ૬. | કામગીરી પૂર્ણ કરેલ તે મહિનાનાં સેન્ટ આઉટ યુનિટ. (જાન્યુ.-૦૮) | : ૧૧,૪૯,૭૫૦ ૧૬૦ Amp. |
| ૭. | જાન્યુ.-૦૮માં વપરાશમાં થયેલ ઘટાડો અગાઉનાં મહિના એટલેકે ડિસે.-૦૭નાં સાપેક્ષમાં થયેલ ઘટાડો. (૫-૬) | : ૧,૨૯,૩૩૦ |
| ૮. | પ્રતિ યુનિટ રૂા. ૩.૦૦ ગણાતાં થયેલ બચત (૭ x ૩ રૂા.) | : રૂા. ૩,૮૭,૯૯૦ |

☞ **પે બેક પિરીયડ** = ખર્ચ (૪) / બચત (૮)
= ૪.૧૫
= ૫ મહિના

## મહેસાણાના ગમાનપુરા ગામે પાતળ કૂવાઓમાંથી કાદવ અને દૂર્ગંધયુક્ત પાણી ઉછળવાની દૂર્ઘટનામાં વીજ વિતરણની વ્યવસ્થા પુનઃ પ્રસ્થાપિત કરતું યુજીવીસીએલ.

મહેસાણા વર્તુળ કચેરીની વિભાગીય કચેરીના તાબા હેઠળના ગમાનપુરા ગામે તા. ૧૯-૧૧-૨૦૦૭ થી તા. ૧૮-૧૨-૨૦૦૭ દરમ્યાન ઓએનજીસીના એરવેલનું ભૂગર્ભ દબાણને લીધે પાતાળ કૂવાઓમાંથી કાદવ અને દૂર્ગંધયુક્ત પાણી ઉછળવાની ઘટનાના સમગ્ર ગુજરાતમાં પડઘા પાડેલ.

અધિક્ષક ઈજનેર શ્રી વી. એ. ગુપ્તાના સીધા માર્ગદર્શન હેઠળ વોટર વર્કસનો પાવર સપ્લાય બંધ થતા ૨૪ કલાકની અંદર ખૂબ જ ઝડપથી વૈકલ્પિક ૧૦૦ કેવીએ ટ્રાન્સફોર્મર ગામની સલામતીવાળી જગ્યાએ તાત્કાલિક ઉભુ કરી વીજ પુરવઠો પૂરો પાડેલ. વીજ વિક્ષેપ ઉભો ન થાય તે માટે અસરગ્રસ્ત સમય દરમ્યાન ૨૪ કલાક લાઈન સ્ટાફ ગોઠવી તકેદારી રાખવામાં આવેલ.

ઓએનજીસી દ્વારા ઉભી થયેલી પરિસ્થિતિના ઉકેલ માટે જે પ્રયત્નો હાથ ધરવામાં આવેલ તેમાં વીજ વિતરણની પરિસ્થિતિ અંગે સંપૂર્ણ સહયોગ રાખવામાં આવેલ. મુખ્ય ઈજનેર (ઈલેક્ટ્રીકલ) દ્વારા સમગ્ર પરિસ્થિતિ દરમ્યાન આપણી કંપનીના સહકાર અંગે સંતોષ વ્યક્ત કરી આભાર માનવામાં આવેલ છે. ગામના સરપંચશ્રી દ્વારા યુજીવીસીએલની કામગીરી આવકારવામાં આવેલ. કંપનીના મેનેજીંગ ડિરેકટરશ્રી દ્વારા ઉપરસ્થિત પરિસ્થિતિમાં કરવામાં આવેલ કામગીરી માટે સંતોષની લાગણી વ્યક્ત કરેલ.

## "યુજીવીસીએલ ન્યુઝ" ના પ્રથમ અંકનું વિમોચન કરતા મેનેજીંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલ

તારીખ : ૧૭-૦૧-૨૦૦૮ ના રોજ રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસના કોન્ફરન્સ હોલમાં "યુજીવીસીએલ ન્યુઝ" ના પ્રથમ અંકનું ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજીંગ ડિરેક્ટરશ્રી દ્વારા વિમોચન કરવામાં આવેલ. વિમોચન પ્રસંગે કંપનીના ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરી, મુખ્ય ઈજનેર શ્રી બી. આર. જોશી, શ્રી એમ. જી. પટેલ તથા કર્મચારીઓએ હાજરી આપેલ.

વિમોચન પ્રસંગે ખાસ ફરજ પરના અધિકારીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં "યુજીવીસીએલ ન્યુઝ" કંપનીની થઈ રહેલ કામગીરી અંગેની તમામ માહિતી તમામ કર્મચારીઓને પહોંચાડવા માટેનું ઉત્તમ માધ્યમ પુરવાર થશે તેવી આશા વ્યક્ત કરેલ.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી એચ. એસ. પટેલે "**યુજીવીસીએલ ન્યુઝ**" ના પ્રથમ સંસ્કરણ અંગે પોતાનો પ્રતિભાવ આપતા જણાવેલ કે કંપનીની વીજળી વેગી વણથંભી યાત્રાના સહભાગી કર્મચારીઓ કંપની દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓથી માહિતગાર થઈ શકે તેમજ કંપની પ્રત્યે પોતાના વિચારો મુક્ત મને વ્યક્ત કરી શકે તેવા ઉદ્દેશથી કંપની દ્વારા "**યુજીવીસીએલ ન્યુઝ**" પ્રસિધ્ધ કરવાનો નિર્ણય લીધો છે. "**યુજીવીસીએલ ન્યુઝ**" ના પ્રસિધ્ધિના કાર્યમાં તમામ કર્મચારીઓનો સહિયારો પુરૂષાર્થ અપેક્ષિત હોવાની આશા વ્યક્ત કરેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, દરેક ક્ષેત્રમાં હંમેશા અગ્રેસર રહી છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, હસ્તકની વીજ કંપનીઓમાં કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલની રચના દ્વારા કંપનીની કામગીરી કર્મચારીઓ તેમજ ગ્રાહકો સુધી અસરકારક રીતે પહોંચાડવાના ભાગરૂપે "**યુજીવીસીએલ ન્યુઝ**" ની પ્રસિધ્ધિના મહત્વના કાર્યમાં પણ અગ્રેસર રહેલ છે. જેના ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, હસ્તકની તમામ કંપનીમાં હકારાત્મક પ્રતિભાવ જાણવા મળેલ છે.

## ૫૯માં પ્રજાસત્તાક દિનની ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા આનંદ અને ઉત્સાહભેર ઉજવણી.

ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર દ્વારા દેશના શાસન ચલાવવા માટેના ઉત્તમ માર્ગદર્શન માટે ઘડવામાં આવેલ બંધારણને અનુલક્ષીને તારીખ ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસે કરવામાં આવેલ અમલ બાદ દેશ પ્રજાસત્તાક થયેલ, ત્યારથી ૨૬મી જાન્યુઆરી આપણે પ્રજાસત્તાક દિન તરીકે ધામધુમથી ઉજવીએ છીએ.

કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં પ્રજાસત્તાક દિન નિમિત્તે કંપનીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલ દ્વારા ધ્વજ - વંદન કરવામાં આવેલ. આ પ્રસંગે ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી.આર. ચૌધરી, મુખ્ય ઈજનેર શ્રી બી. આર. જોષી, શ્રી એમ. જી. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી પી. જે. પટેલ, શ્રી એસ. એચ. સહદાદપૂરી તથા શ્રી જે. એન. પંચોલી ચીફ ફાઈનાન્સ મેનેજર તથા જેટકોના અધિકારીઓ અને કર્મચારીઓએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ.

મેનેજીંગ ડીરેક્ટર શ્રી દ્વારા કેપ્ટન ડેવીડની દોરવણી નીચે સુરક્ષા ગાર્ડસની પરેડનું નિરીક્ષણ કરવામાં આવેલ. વર્ષ : ૨૦૦૭ - ૦૮ દરમ્યાન કંપનીના સ્ટાફ વેલ્ફેર ફંડમાંથી કર્મચારીઓને તથા તેમના તેજસ્વી બાળકોને શૈક્ષણિક, રમત-ગમત ક્ષેત્રે અન્ય ક્ષેત્રોમાં મહત્વની સિધ્ધિ હાંસલ કરવા બદલ મેરીટ એવોર્ડઝ આપી સન્માન કરી પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવેલ.

આ પ્રસંગે મેનેજીંગ ડીરેક્ટરશ્રી ૫૯માં પ્રજાસત્તાક દિનની કર્મચારીઓને શુભેચ્છા પાઠવેલ. પોતાના પ્રાસંગિક પ્રવચન દ્વારા પ્રજાસત્તાક દિન નિમિત્તે કર્મચારીઓનું અભિવાદન કરતા ગૌરવની લાગણી અનુભવેલ. કંપનીની પ્રગતિમાં કર્મચારીઓનું મહત્વનું યોગદાન હોવાનો સ્વીકાર કરેલ. કંપનીની ઉત્તરોત્તર પ્રગતિ બાદ ગ્રાહકલક્ષી સેવાઓ પર ભાર મુકી એટીએનસીલોસ અપેક્ષા કરતા વધુ ઘટાડવા પર ભાર મુકેલ. સિધ્ધિઓ મેળવી જાળવવાનું કામ અઘરૂ છે, રાજ્ય સરકારની સિધ્ધિઓમાં જ્યોતિગ્રામ યોજનાના અમલીકરણનો ઉલ્લેખ આપણા માટે ગૌરવપૂર્ણ છે. એન્જિનિયર મિત્રોએ તૈયાર કરેલ "સ્પેશયલ ડીઝાઈનર ટ્રાન્સફોર્મર" અંગેની મહત્વની કામગીરીનો ઉલ્લેખ કરેલ. લોકોની વધેલ અપેક્ષાઓને મૂર્તિમંદ કરવા માટેની અસરકારક ગ્રાહકલક્ષી અભિગમ આ દિને આપણો સંકલ્પ રહેશે તેવી આશા વ્યક્ત કરેલ. ગ્રાહકોને કાર્યક્ષમ વીજ પૂરવઠો પૂરો પાડી કંપનીનું મિશન ચરિતાર્થ કરીએ તો જ યોગ્ય લેખાશે તેવું જણાવેલ.

આ પ્રસંગે ઈન્ટર કંપની વુમન્સ બેડમીન્ટન સ્પર્ધામાં ચેમ્પીયન થવા બદલ શ્રીમતી દિનાબેન રાવલને ટ્રોફી અર્પણ કરેલ. જ્યારે દિનાબેને મેનેજીંગ ડિરેક્ટરશ્રીને પ્રતિષ્ઠિત શિલ્ડ અર્પણ કરેલ. શ્રી અજય વખારીયા નાયબ ઈજનેર દ્વારા સંગીતના રંગારંગ કાર્યક્રમમાં દેશ ભક્તિના ગીતો દ્વારા વાતાવરણ દેશભક્તિમય બનાવેલ. શ્રી એસ. એન. સોની નાયબ ઈજનેર જેટકો દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવેલ. શ્રી એન. આર. મકવાણા નાયબ મહાપ્રબંધક (આઈ.આર.) તથા શ્રી એસ.વાય ડામોર ઔદ્યોગિક સંબંધિત અધિકારી તથા સ્પોર્ટસ સેક્રેટરીશ્રી દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

## મેરીટ એવોર્ડ મેળવનાર કર્મચારીઓના તેજસ્વી તારલાઓની યાદી

| અ. નં. | નામ | કર્મચારીઓનું નામ | કામનું સ્થળ | સિધ્ધિ | માર્કસ/વિષય | મેરીટ એવોર્ડની રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કૃતિ | શ્રી વી.એમ. શ્રોફ, નાયબ ઈજનેર | દહેગામ (આર) સબ ડીવીઝન | ધો.-૧૦ | ૮૫.૧૪% | ૨૫૦ |
| ૨ | રેખા | શ્રી એમ. એમ. પટેલીયા, લાઈનમેન | ગાંધીનગર ડી.ઓ. | ધો.-૧૦ | ૮૮.૧૫% | ૨૫૦ |
| ૩ | મીતુલ | શ્રી એ. બી. પટેલ, નાયબ ઈજનેર | કલોલ સબ-ડીવીઝન-૨ | ધો.-૧૦ | ૮૭.૮૫% | ૨૫૦ |
| ૪ | શિલ્પા | શ્રીમતી વી.એચ. ડામોર, જુનીયર આસીસ્ટન્ટ | વિજાપુર ડીવીઝન | ધો.-૧૦ | ૮૮.૦૦% | ૨૫૦ |
| ૫ | સ્મિત | શ્રી કે. આર. રંગાની, જુનીયર આસીસ્ટન્ટ | માણસા સબ ડીવીઝન | ધો.-૧૦ | ૯૩.૦૮% | ૨૫૦ |
| ૬ | નિકીતા | શ્રી એમ. બી. ચૌધરી, જુનીયર આસીસ્ટન્ટ | કુકરવાડા સબ ડીવીઝન | વોલીબોલ | રાષ્ટ્રિય કક્ષાએ પ્રથમ | ૧૦૦૦ |
| ૭ | આરતી | શ્રી આર. જે. પરમાર, આસી. લાઈનમેન | મહેસાણા હાઈવે સબ ડીવીઝન | જુડો | રાજ્યકક્ષાએ પ્રથમ | ૧૦૦૦ |
| ૮ | હાર્દિક | શ્રી જી. એ. પઢેરીયા, લાઈન હેલ્પર | ચોઈલા, સબ ડીવીઝન | ધો.-૧૦ | ૮૭.૭૧% | ૨૫૦ |
| ૯ | હેતલ | શ્રી બી. એ. ગજ્જર કારપેન્ટર | મહેસાણા આર.એસ.ઓ. | ટી.વાય. બી.એસ.સી. | "બોટની" વિષયમાં ગોલ્ડ મેડલ | ૧૦૦૦ |
| ૧૦ | મિતેશ | શ્રી એસ. બી. લિમ્બાચીયા જુનીયર ઈજનેર | મહેસાણા સી.ઓ. | ક્રિકેટ | ૨૦-૨૦ ક્રિકેટમાં રાષ્ટ્રિય ટીમમાં પસંદગી | ૨૫૦ |
| ૧૧ | દિનાબેન | દિનાબેન રાવલ, જુનીયર આસીસ્ટન્ટ | બોપલ ડી.ઓ. | બેડમીન્ટન ચેમ્પીયનશીપ | ઓલ ઈન્ડિયા સ્ટેટ ઈલેક્ટ્રીસીટી બોર્ડ માટેની મહિલા ટુર્નામેન્ટમાં પસંદગી | ૨૫૦ |

# "અંધકારથી ઉજાસ તરફ..."
## સી.ડી.નું વિમોચન કરતા મેનેજીંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલ

તારીખ ૨૬ મી જાન્યુઆરી, ૨૦૦૮ ના પ્રજાસત્તાક દિને કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતેના કોન્ફોરન્સ હોલમાં "અંધકારથી ઉજાસ તરફ..." સીડીનું વિમોચન કરવામાં આવેલ. વિમોચન પ્રસંગે કંપનીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી પી.આર. ચૌધરી મુખ્ય ઈજનેરશ્રી, એમ. જી. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર શ્રી પી. જે. પટેલ, શ્રી એસ.એચ. સહદાદપુરી તથા ચીફ ફાયનાન્સ મેનેજર શ્રી જે. એમ. પંચોલી તેમજ અધિકારીગણ જેટકો અને યુજીવીસીએલના કર્મચારીઓએ હાજરી આપેલ.

મેનેજીંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલ તથા ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યરત કંપનીના કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલ દ્વારા ખૂબ જ ટુંકા ગાળામાં "અંધકારથી ઉજાસ તરફ..." સીડીનું ગાંધીનગર ખાતેની ડીજીટલ એગ્રો મીડીયા નામની એડ એજન્સીની સહિયોગથી તૈયાર કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે સમગ્ર રાષ્ટ્રમાં જ્યોતિગ્રામ યોજનાનું અમલીકરણ કરનાર પ્રથમ કંપની તરીકે આ યોજનાથી થયેલ ગ્રામ્ય જીવન પરની સામાજીક, આર્થિક અસરો અંગેની, તેમજ ખેતીવાડી ક્ષેત્રે વીજ અને પાણીની બચત કેવી રીતે થઈ શકે ? તેના નાટ્યાત્મક દશ્યાંકન દ્વારા રજુ કરવામાં આવેલ છે. ટપક સિંચાઈ દ્વારા વીજ અને પાણીની બચત તેમજ ઘરવપરાશમાં વીજળીની બચત કેવી રીતે થઈ શકે તે અંગેની સચોટ માહિતીનું નિદર્શન કરવામાં આવેલ છે.

વિમોચન પ્રસંગે ખાસ ફરજ પરના અધિકારીએ કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ આ દ્રશ્ય શ્રાવ્ય સીડીનું નિદર્શન કંપની દ્વારા કરવામાં આવી રહેલ ગ્રાહકલક્ષી પ્રવૃત્તિઓ ગ્રાહકો સુધી પહોંચાડવા માટેનું ઉત્તમ માધ્યમ બની રહેશે તેવી આશા વ્યક્ત કરેલ. કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલના વડા તરીકે માનનીય મેનેજીંગ ડિરેક્ટરશ્રીને સી.ડી. વિમોચન માટે અર્પણ કરેલ.

મેનેજીંગ ડિરેક્ટર શ્રી દ્વારા આ પ્રસંગે જણાવેલ કે, દ્રશ્ય શ્રાવ્યનું પ્રત્યક્ષ નિદર્શન ખુબ પ્રભાવશાળી રીતે લોકો સુધી પહોંચી શકે છે. કંપનીના ૬૦% ગ્રાહકો ખેતીવાડી ગ્રાહકો હોવાથી ખેતીવાડી ક્ષેત્રે વીજ અને પાણીની બચતનો સંદેશ ગ્રાહકો સુધી પહોંચાડવાનો પ્રયાસ છે. ગ્રાહકલક્ષી અભિગમ અંગેનો મહત્વનો સંદેશ દશ્ય શ્રાવ્ય રીતે પહોંચાડવાનો આ પ્રથમ પ્રયાસ ખુબ જ અસરકારક નીવડશે તેવી આશા વ્યક્ત કરેલ. આ સીડી તૈયાર કરવામાં કોર્પોરેટ કોમ્પ્યુનિકેશન સેલે કરેલ મહેનત અંગે ખાસ અભિનંદન પાઠવેલ.

(હાલમાં આ સીડી કંપનીના ઈન્ટ્રાનેટ વેબ સાઈડ ઉપર મુકવામાં આવેલ છે. જેની સૌ કર્મચારીઓએ નોંધ લેવા વિનંતી.)

**આઈ.એસ.આઈ. માર્કાવાળી ઉચ્ચ ગુણવત્તા અને ધોરણોવાળી વીજળીની સાધન સામગ્રીઓ વાપરવાથી વીજળીની બચત થશે.**

**વીજળીના ગોળાને બદલે સીએફએલ (કોમ્પેક્ટ ફ્લોરસેન્ટ લેમ્પ) વાપરો અને ૭૫ ટકા વીજ બચાવો.**

## યુજીવીસીએલની ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં હિંમતનગર સર્કલની ટીમ ચેમ્પીયન

તારીખ ૨૭ અને ૨૮ ઓક્ટોબર ૨૦૦૭ ના રોજ રેલ્વે ક્રિકેટ ગ્રાઉન્ડ, સાબરમતી ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ હિંમતનગર સર્કલ અને પાલનપુર સર્કલ વચ્ચે રમાયેલ જેમાં હિંમતનગર સર્કલના ટીમે ૬૨ રનથી વિજય મેળવેલ છે.

ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટના ઉદ્દઘાટન પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેરશ્રી, બી.આર. જોષી, વિશેષ મુખ્ય ઈજનેરશ્રી એમ. જી. પટેલ, કાર્યપાલક ઈજનેર શ્રીમતી સી. આર. દેસાઈ, શ્રી એસ. આર. પટેલ તેમજ સ્પોર્ટસ સેક્રેટરી અને ઔદ્યોગિક સંબંધિત અધિકારીશ્રી એસ. વાય. ડામોરે હાજરી આપી ખેલાડીઓને પ્રોત્સાહન પુરું પાડેલ.

પ્રાસંગિક પ્રવચનમાં શ્રી બી. આર. જોષી સાહેબે રમત દ્વારા કામકાજ દરમ્યાન પણ સંઘ ભાવના વધુ બળવત્તર બનશે અને ઉત્તમ ટીમ સ્પીરીટનું વાતાવરણ ઉભી કરી શકાશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવેલ. શ્રી એમ. જી. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવેલ.

**આ ટુર્નામેન્ટની મેચના સ્કોર નીચે મુજબ છે.**

પ્રથમ મેચ પાલનપુર અને સાબરમતી સર્કલ સાબરમતી સર્કલનો પ્રથમ દાવ ૨૫ ઓવરમાં ૬૧ રનમાં ઓલ આઉટ જેમાં કમલેશ પુરોહિતે ૨ રનમાં ૪ વિકેટ અને શ્રી એ. એ. ચૌહાણને ૧૪ રનમાં ૩ વિકેટ મળેલ. પાલનપુર સર્કલે બે વિકેટે ૬૧ રન પૂર્ણ કરતા આઠ વિકેટથી વિજય થયેલ. જેમાં શ્રી સોલંકીના ૨૨ રન મુખ્ય હતા.

બીજી મેચ હિંમતનગર અને મહેસાણા વચ્ચે રમાયેલ જેમાં હિંમતનગરે ૨૫ ઓવરમાં ૧૪૪ રન (જેમાં શ્રી વી.એસ.નીનામા ના ૩૨ રનનો મુખ્ય ફાળો) જ્યારે મહેસાણા સર્કલ ૭૦ રનમાં ઓલ આઉટ થયેલ. જેમાં હિંમતનગરના શ્રી જે. આઈ. પટેલે ૪ વિકેટ જ્યારે વિકાસ બારોટે ૧૦ રનમાં ૩ વિકેટ લીધેલ. હિંમતનગર સર્કલ ૭૪ રનથી વિજયી બનેલ.

ફાઈનલ મેચ હિંમતનગર અને પાલનપુર વચ્ચે રમાયેલ જેમાં હિંમતનગરે ૪૦ ઓવરમાં ૧૫૫ રન કરેલ. જેમાં શ્રી ભાવેશ પટેલ ૩૫ રન અને શ્રી વી.બી. નીનામાના ૨૨ રન મુખ્ય હતા.

જ્યારે પાલનપુર ૯૩ રનમાં ઓલઆઉટ (આરીફ ખાણુસીયા ૨૦ રનમાં ૪ વિકેટ લીધી.) હિંમતનગરનો ૬૨ રનથી વિજય થયેલ.

ટુર્નામેન્ટના સમાપન પ્રસંગે શ્રી ડી. એમ. તિવારી ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક, શ્રી સી. આર. દેસાઈ, કાર્યપાલક ઈજનેરે હાજરી આપેલ ટુર્નામેન્ટના બેસ્ટ બેટસમેન શ્રી વી. બી. નીનામા, નાયબ ઈજનેર, મોડાસા, બેસ્ટ બોલર શ્રી કમલેશ પુરોહીત, પાલનપુર સર્કલ તથા શ્રી આરીફ ખાણુસીયા જુનીયર ઈજનેર, પ્રાતિજ સબ ડીવીઝન પસંદગી પામેલ. શ્રી ડી. એમ. તિવારી દ્વારા વિજેતા ખેલાડીઓને ટ્રોફી આપવામાં આવેલ. વિજેતા થવા બદલ હિંમતનગર સર્કલની ટીમને અભિનંદન આપવામાં આવેલ અને આગામી ઈન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટ માટે શુભેચ્છા પાઠવેલ.

ટુર્નામેન્ટના એમ્પાયર તરીકે ગુજરાત ક્રિકેટ એસોશીએશનના માન્ય એમ્પાયર શ્રી શીવનારાયણસીંગ રાજપૂત તથા શ્રી સોનીએ ફરજ બજાવેલ.

ટુર્નામેન્ટને સફળ બનાવવા શ્રી એલ. એમ. મહીડા નાયબ અધિક્ષક (વહીવટ) તથા સાબરમતીના અન્ય કર્મચારીઓની ખુબ જહેમત ઉઠાવી સફળ આયોજન હાથ ધરેલ.

## ઈન્ટર કંપની સંગીત તથા નાટ્ય સ્પર્ધામાં ભજન ગાયક તરીકે વિજેતા બનતા શ્રી જશુભાઈ બારોટ તથા ગઝલ ગાયિકા તરીકે તૃતીય વિજેતા શ્રીમતી દક્ષાબેન એન. દવે

તારીખ ૧૬ અને ૧૭ મી ફેબ્રુઆરી ૨૦૦૮ દરમ્યાન નવસારી ખાતે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી., આયોજીત ઈન્ટર કંપની સંગીત તથા નાટ્ય સ્પર્ધામાં ભજન ગાયકની સ્પર્ધામાં શ્રી જશુભાઈ એસ. બારોટ, જુની. આસી. સિધ્ધપુર પેટા વિભાગીય કચેરી પ્રથમ ક્રમે વિજેતા થયેલ છે.

જ્યારે ગઝલ ગાયકની સ્પર્ધામાં શ્રીમતી દક્ષાબેન દવે, જુનીયર આસીસ્ટન્ટ સાબરમતી વર્તુળ કચેરી તૃતીય સ્થાને વિજેતા થયેલ છે. સંગીત તથા નાટકની સ્પર્ધાના રંગારંગ કાર્યક્રમમાં તમામ સ્પર્ધકોએ તારીખ ૧૬મીની રાત્રે સંગીતની મહેફીલની રંગત જમાવેલી.

સમારંભની શરૂઆતમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. ના શ્રી એસ.આર.દેસાઈ, મુખ્ય ઈજનેર, શ્રી આર. પી. પટેલ, ડાયરેક્ટર એગ્રીકલ્ચર યુનિવર્સિટી નવસારી, શ્રી એફ.વાય. તીમોલ, વિશેષ મહાપ્રબંધક તથા શ્રી બી.એચ. કાવઠીયા નાયબ મહાપ્રબંધક (એચ.આર.) એ હાજરી આપેલ.

જ્યારે કાર્યક્રમના અંતમાં ઈનામ વિતરણ સમારંભમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. ના શ્રી ડી.ટી.દાવડા, વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી બી. વી. શાહ અધિક્ષક ઈજનેર, શ્રી બી.એચ. કાવઠીયા નાયબ મહાપ્રબંધક તથા શ્રી આઈ. ઝેડ. પટેલ, અધિક્ષક ઈજનેર વલસાડે હાજરી આપેલ.

નિર્ણાયક તરીકે શ્રી જયદેવભાઈ ભોજક તથા શ્રી પ્રભાતદેવ ભોજક, સંગીત વિષારદો એ હાજરી આપેલ.

# ગુજરાત રાજ્ય વીજ નિયમન પંચની ટીમ રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરનાર ઉત્તર ગુજરાત વીજ કંપનીની મુલાકાતે

તારીખ : ૦૧-૦૨-૨૦૦૮ ના રોજ ગુજરાત રાજ્યની વીજ નિયમન પંચની ટીમે ઉત્તર ગુજરાત વીજ કંપનીની મુલાકાત લીધેલ. મુલાકાત દરમ્યાન અડાલજ સબ ડીવીઝન, બોપલ અન્ડર ગ્રાઉન્ડ સબ સ્ટેશન, બોપલ વિભાગીય કેચરી, સાબરમતી હાઈટેક લેબ તથા જીમખાનાને નિહાળેલ. પંચની ટીમમાં વીજ નિયમન પંચના નીચે જણાવેલ અધિકારીશ્રીઓ સામેલ હતા.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી કે. પી. ગુપ્તા | મેમ્બર (એફ) |
| ૨. | શ્રી ડી. મનમોહન | મેમ્બર (ટી) |
| ૩. | શ્રી પી. એસ. શાહ | સેક્રેટરી |
| ૪. | શ્રી એસ. આર. યાદવ | ડેપ્યુટી ડાયરેક્ટર |
| ૫. | શ્રી ડી. આર. પરમાર | ડેપ્યુટી ડાયરેક્ટર |

ઉત્તર ગુજરાત વીજ પંકની તરફથી મેનેજીંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલના નેતૃત્વ હેઠળ ખાસ ફરજ પરના અધિકારી શ્રી, પી.આર. ચૌધરી, મુખ્ય ઈજનેરશ્રી એમ. જી. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર શ્રી પી. જે. પટેલ, શ્રી એચ. એસ. સહદાદપૂરી તથા સાબરમતી સર્કલના વિશેષ મુખ્ય ઈજનેર શ્રી જી. પી. જોશીએ વીજ નિયમન પંચને કંપનીની કામગીરી અંગેની ઝીણવટ ભરી માહિતી આપેલ.

મુલાકાતની શરૂઆત અડાલજ સબ ડીવીઝન ખાતેથી કરવામાં આવેલ. વીજ નિયમન પંચના સભ્યોનું અડાલજ ખાતે મેનેજીંગ ડિરેક્ટર શ્રી દ્વારા સ્વાગત કરવામાં આવેલ. વીજ વિતરણના વધુ સારા સંચાલન તથા ગ્રાહકલક્ષી સેવાઓ પુરી પાડવા માટેની વેબ બેઈઝ (જી.આઈ.એસ.) સીસ્ટમ અંગેની મેસર્સ સ્પેક્ટ કંપનીના પ્રતિનિધિ પાસેથી માહિતી મેળવેલ. વેબ બેઈઝ જીયોગ્રાફીક્સ ઈન્ફોર્મેશન સિસ્ટમ દ્વારા કંપનીની મિલ્કતો ઈલેક્ટ્રીકના થાંભલા, પાવરલાઈન તથા ટ્રાન્સફોર્મર અંગેની ચોક્કસ માહિતી તેમજ નક્શા દ્વારા મળનાર વાસ્તવિક ચિત્રણનું નિદર્શન કરેલ. ગ્રાહકો અંગેની માહિતી જેવી કે, નામ, સરનામું, ગ્રાહક નંબર મીટરની વિગતો એલ.ટી.પોલ વગેરેની માહિતી મેળવેલ.

અડાલજ ખાતે ત્રિમૂર્તિ મંદિર ખાતેની કોલોનીમાં મુકવામાં આવેલ પ્રીપેઈડ મીટર અંગેની માહિતી મેળવેલ. પ્રીપેઈડ કાર્ડના કોડ નંબર દ્વારા ગ્રાહકોના ખાતામાં કેવી રીતે વીજ વપરાશ માટેના નાણાં જમા કરવામાં આવેલ છે, તે જાણી પૂરા થતા બેલેન્સ અંગેની માહિતી કેવી રીતે મેળવવી તેની સમજ આપવામાં આવેલ. ઉપરાંત પ્રીપેઈડ મીટરના ટેકનીલક પાસાની વિસ્તૃત સમજ મેળવેલ.

અડાલજ ખાતે "કસ્ટમર કેર સેન્ટર" ની મુલાકાતમાં ગ્રાહકોની ફરિયાદોના ત્વરીત નિકાલ માટેની વ્યવસ્થા અંગેની માહિતી મેળવેલ. બાજુમાં એટીપી સેન્ટર (Any Time Payment) ના કાઉન્ટર ઉપર થઈ રહેલ પેમેન્ટની વ્યવસ્થા નિહાળેલ. આ પ્રસંગે કંપનીના ગ્રાહક અને બિન-સરકારી સંસ્થાના સંચાલક શ્રીમાન ધર્મેન્દ્રસિંહ જાડેજાએ પંચ સમક્ષ કંપનીની ગ્રાહકલક્ષી કામગીરી માટે પોતાને થયેલ અનુભવ અંગે રજુ કરી કંપનીના ગ્રાહકલક્ષી અભિગમની પ્રસંશા કરેલ.

ત્યાર-બાદ પંચની ટીમે ૧૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ અન્ડર ગ્રાઉન્ડ કેબલ સીસ્ટમના સબ સ્ટેશનની મુલાકાત લીધેલ. શ્રી એ. આર. રાજપૂત જુનીયર ઈજનેરે વિસ્તૃત રીતે "અન્ડર ગ્રાઉન્ડ કેબલ" ના સબ સ્ટેશનની માહિતી પંચને આપેલ. કાર્યપાલક ઈજનેરશ્રી દોશીએ પંચ દ્વારા "અન્ડર ગ્રાઉન્ડ કેબલ સીસ્ટમ" વિશે પુછવામાં આવેલ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવેલ. અન્ડર ગ્રાઉન્ડ કેબલ સીસ્ટમના લીધે કંપની સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પૂરવઠો પુરો પાડવા સમર્પિત હોવાનું પ્રતિપાદિત કરેલ.

બોપલ વિભાગીય કચેરીની મુલાકાત દ્વારા કંપનીની વિભાગીય કચેરીની કામગીરીમાં કઈ બાબતોમાં સમાવેશ થાય છે તેની માહિતી મેળવેલ. વિભાગીય કચેરીના મહિલા કર્મચારીઓ દ્વારા પંચના સભ્યોનું બુકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

સાબરમતી ખાતે હાઈટેક લેબોરેટરીની મુલાકાત દરમ્યાન શ્રી મનીષ એ. ત્રિવેદી, નાયબ ઈજનેર દ્વારા લેબોરેટરીમાં થઈ રહેલ મીટરોની ચકાસણી અંગેની કોમ્પ્યુટર આધારિત સીસ્ટમની સમજુતી આપેલ. સાબરમતી હાઈટેક મીટર ટેસ્ટીંગ લેબોરેટરીએ કેન્દ્ર સરકારના નેશનલ એક્રીડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરીમાં (એન.એ.બી.એલ.) દ્વારા અધિકૃત આઈ.એસ.ઓ. / આઈ.ઈ.સી. / ૧૭૦૨૫ : ૨૦૦૫ નું પ્રતિષ્ઠિત પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ છે તેની માહિતી પુરી પાડેલ. વધુમાં સરકાર હસ્તકની વીજ વિતરણ કંપની પૈકી સમગ્ર ભારતમાં આ પ્રમાણપત્ર મેળવનાર યુજીવીસીએલ પ્રથમ કંપની હોવાની

જાણ કરેલ. જેમાં એકી સાથે એક જ કંપનીના ૨૦ મીટરોની ચકાસણી થઈ શકે છે. તેમજ ટેસ્ટ **ઈક્વીપેમન્ટની એક્યુટરીનો ક્લાસ ૦.૦૫ હોવાનું જણાવેલ.** પંચના સભ્યો દ્વારા ચકાસણીના રિપોર્ટનો ઝીણવટભર્યો અભ્યાસ કરી પ્રશ્નો દ્વારા વિશેષ માહિતી મેળવવામાં આવેલ.

સાબરમતી ખાતે કર્મચારીઓના સ્વાસ્થ્ય માટે તૈયાર થઈ રહેલ જીમખાનાને નિહાળેલ.

અંતમાં કોન્ફરન્સ હોલ ખાતે "અંધકારથી ઉજાસ તરફ..." કંપની દ્વારા જ્યોતિગ્રામ યોજનાની લોકજીવન પરની અસર ખેતી ક્ષેત્રે તેમજ ઘરવપરાશમાં વીજળીની બચત અંગે માર્ગદર્શન તથા ખેતી ક્ષેત્રે ટપક સિંચાઈ પધ્ધતિ અને કાર્યક્ષમ સાધનોમાં ઉપયોગ કેવી રીતે થઈ શકે ? તેની સમજુતી આપતી સીડીનું નિદર્શન કરેલ.

મેનેજીંગ ડિરેક્ટર શ્રી દ્વારા કંપનીની મુલાકાત બદલ આભારની લાગણી વ્યક્ત કરેલ ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા કંપનીની થઈ રહેલ ગ્રાહકલક્ષી કામગીરી અત્રે સંતોષની લાગણી વ્યક્ત કરી મુલાકાત રજીસ્ટરમાં મુલાકાત અંગેની નોંધ આપેલ.

## સાબરમતી ખાતે યોજાએલ દ્વિતિય ઈન્ટર સર્કલ સંગીત તથા નાટ્ય સ્પર્ધા.

તારીખ : ૧૧-૦૧-૨૦૦૮ ના રોજ સાબરમતી વર્તુળ કચેરીના પટાંગણમાં દ્વિતિય ઈન્ટર સર્કલ સંગીત તથા નાટ્ય સ્પર્ધા યોજવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મેનેજીંગ ડીરેક્ટરશ્રી એચ. એસ. પટેલ, શ્રી બી. આર. જોશી વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી એમ. જી. પટેલ વિશેષ મુખ્ય ઈજનેર સાબરમતી, શ્રીમતી સી.આર.શાહ તથા શ્રી એસ.આર. પટેલ, કાર્યપાલક ઈજનેરશ્રીઓ ઉપરાંત કોર્પોરેટ ઓફિસમાંથી શ્રી ડી.એમ.તિવારી તથા શ્રી એન. આર. મકવાણા નાયબ મહાપ્રબંધક તેમજ શ્રી એસ. વાય. ડામોર ઔદ્યોગિક સંબંધિત અધિકારી અને સ્પોર્ટસ સેક્રેટરીએ હાજરી આપેલ.

શ્રી એમ. જી. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ. શ્રી એચ.એસ. પટેલ, મેનેજીંગ ડિરેક્ટર દ્વારા દીપ પ્રાગટ્ય કરી સમારંભ શરૂ કરવામાં આવેલ.

પ્રાસંગિક પ્રવચનમાં મેનેજીંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલે સતત કાર્યરત રહેતા કર્મચારીઓને રીક્રીએટ કરવા માટે આ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવે છે, તેવું જણાવેલ. આ પ્રકારની પ્રવૃત્તિઓ છેવાડાના સબ ડીવીઝનોના કર્મચારીઓ સુધી પહોંચાડવાની જરૂરીયાત પર ભાર મુકેલ.

સંગીત સ્પર્ધામાં વિવિધ સ્પર્ધકો દ્વારા રજુ કરવામાં આવેલ કૃતિઓ અને પરિણામો નીચે મુજબ છે.

| ૧ | હળવું કંઠ્ય સંગીત |
|---|---|
| ૧. | શ્રીમતી ધારિણીબેન એસ. દેસાઈ, જુની. આસી., પેટા વિભાગ, ગાંધીનગર.<br>શબ્દો : એવાર શ્યામ તારી મોરલી... પ્રથમ ઈનામ |
| ૨. | શ્રી પી. એચ. ઠાકોર, સીની. આસી. વિભાગીય કચેરી, સિધ્ધપુર.<br>શબ્દો : ધારો કે એક સાંજ... દ્વિતિય ઈનામ |

| ૨. | ગઝલ |
|---|---|
| ૧. | શ્રીમતી દક્ષાબેન એન. દવે, જુની. આસી., વર્તુળ કચેરી, સાબરમતી.<br>શબ્દો : થાય સરખામણી તો ઉતરતા છીએ... પ્રથમ ઈનામ |
| ૨. | શ્રી આર. એચ. બ્રહ્મભટ્ટ, જુની આસી. વર્તુળ કચેરી, પાલનપુર.<br>શબ્દો : નયને બંધ રાખીને... દ્વિતિય ઈનામ. |

| ૩ | ભજન |
|---|---|
| ૧. | શ્રી જે. એસ. બારોટ, જુની.આસી. પેટા વિભાગીય કચેરી, સિધ્ધપુર-ગ્રામ્ય.<br>શબ્દો : એ જી વાલા અખંડ... પ્રથમ ઈનામ |
| ૨. | શ્રીમતી દિનાબેન જે. રાવલ, જુની. આસી. વિભાગીય કચેરી, બોપલ.<br>શબ્દો : ઘરમાં કાશીને ઘરમાં મથુરા... દ્વિતિય ઈનામ |

| ૪ | સમૂહ ગીત |
|---|---|
| ૧. | પાલનપુર વર્તુળ ગ્રુપ<br>શબ્દો : હોજાઓ તૈયાર સાથીઓ... પ્રથમ ઈનામ |
| ૨. | સાબરમતી વર્તુળ ગ્રુપ<br>શબ્દો : એવા આરા રે વિનાના ઉતરાણ... દ્વિતિય ઈનામ |

| ૫ | વાદ્ય સંગીત |
|---|---|
| ૧. | શ્રી ડી.એમ. જોષી, સીની. આસી., વર્તુળ કચેરી, સાબરમતી.<br>રાગ : ભૂપાલી, વાદ્ય : હાર્મોનિયમ, પ્રથમ ઈનામ |

કાર્યક્રમના અંતમાં મુખ્ય ઈજનેર શ્રી બી.આર. જોશી, શ્રી એમ. જી. પટેલ, શ્રી ડી. એમ. તિવારી, શ્રી એન. આર. મકવાણા એ વિજેતા સ્પર્ધકોને ઈનામનું વિતરણ કરેલ. સમગ્ર સ્પર્ધા નિષ્પક્ષ, તંદુરસ્ત અને હળવા વાતાવરણમાં પૂર્ણ થયેલ. કાર્યક્રમના નિર્ણાયક તરીકે શ્રી પ્રવિણભાઈ રાવલ, હિંમતનગરે સેવા આપેલ અને શાસ્ત્રીય સંગીતના રાગ ભીમ પાલીસીમાં "પગ ઘુંઘરૂ બાંધ મીરાં નાચી" રજુ કરી દર્શકોનું અભિવાદન મેળવેલ.

શ્રી સી. એચ. પંચાલ સહાયક સચિવ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ. સાબરમતી વર્તુળ કચેરી દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન હાથ ધરવામાં આવેલ.

## અમદાવાદ ખાતે ગુજરાત રાજ્યના ઓડીટર જનરલને ઉત્તર ગુજરાત વીજ કંપનીની સંપૂર્ણ કામગીરીથી માહિતગાર કરતા ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરી.

તારીખ : ૨૮ જાન્યુઆરી, ૨૦૦૮ ના રોજ અમદાવાદ ખાતે ઓડીટર જનરલ, ગુજરાત રાજ્યને તેઓની માંગણી મુજબ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજ વિતરણને લગતી તમામ કામગીરીથી માહિતગાર કરવા કંપનીના ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરી તથા ચીફ ફાયનાન્સ મેનેજર શ્રી જે. એન. પંચોલીએ મુલાકાત લીધેલ.

ઓડીટર જનરલ, ગુજરાત રાજ્યની ઓફીસના ડેપ્યુટી ઓડીટર જનરલ ડાયરેક્ટરશ્રી તથા મહત્વના અધિકારીઓની હાજરીમાં શ્રી પી.આર. ચૌધરી દ્વારા કંપનીની તમામ ટેકનીકલ વિગતો ખાસ પ્રેઝન્ટેશન દ્વારા રજુ કરી ઝીણવટભરી રીતે દર્શાવવામાં આવેલ. ટેકનીકલ પાસાઓ વિશેની વિસ્તૃત સમજ આપ્યા બાદ પેટા પ્રશ્નોના સચોટ જવાબ દ્વારા વધુ વિગતો પુરી પાડવામાં આવેલ. કંપનીની તમામ પ્રવૃત્તિઓ અંગેની માહિતી ખાસ સ્લાઈડ શો દ્વારા દર્શાવવામાં આવેલ. કંપની દ્વારા અઢી વર્ષના ટુંકા ગાળામાં કરેલ કામગીરીને લીધે મેળવેલ મહત્વની સિધ્ધિઓ જેવી કે, જ્યોતિગ્રામ યોજના પૂર્ણ કરનાર ભારતની પ્રથમ કંપની, સ્પેશીયલ ડીઝાઈન ટ્રાન્સફોર્મરની સંશોધક કંપની, વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ બ્રોન્ઝશીલ્ડ મેળવનાર જાહેર ક્ષેત્રની પ્રથમ કંપની, એન.એ.બી.એલ. દ્વારા આઈ.એસ.ઓ., આઈ.પી.સી. ૧૭૦૨૫ : ૨૦૦૫ પ્રમાણિત લેબોરેટરી ધરાવતી કંપની તેમજ કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ અને સાબરમતી તથા મહેસાણા વર્તુળ કચેરી આઈ. એસ.ઓ. ૯૦૦૧ : ૨૦૦૦ પ્રમાણિત કંપની હોવાની માહિતી પુરી પાડેલ. શ્રી જે. એન. પંચોલીએ કંપનીના વાર્ષિક અહેવાલ દ્વારા આર્થિક પરિસ્થિતિનો ચિતાર રજુ કરેલ.

ડેપ્યુટી ઓડીટર જનરલશ્રી હિમાંશુ ધર્મવંશીએ કંપનીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી અંગે સંતોષની લાગણી વ્યક્ત કરેલ. કાર્યક્રમ દરમ્યાન શ્રી પી. આર. ચૌધરીનું ગુજરાત વિદ્યુત બોર્ડથી ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડમાં ૩૮ વર્ષથી વધુ દીર્ઘકાલીન સમય માટે વીજ વીતરણ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી બજાવવા બદલ તેમજ કંપનીની માહિતી સચોટ રીતે પૂરી પાડવા બદલ પ્રભાવિત થઈને શાલ ઓઢાડીને ડેપ્યુટી ઓડીટર જનરલશ્રી હિમાંશુ ધર્મવંશી દ્વારા વિશેષ સન્માન કરવામાં આવેલ.

## વડનગર ખાતે ૨૧ (એકવીસ)માં "કસ્ટમર કેર સેન્ટર" ને ગ્રાહકોની સેવામાં અર્પણ કરતા મેનેજીંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલ

તારીખ ૨૬મી જાન્યુઆરી ૨૦૦૮ ના પ્રજાસત્તાક દિને વડનગર ખાતે પેટા વિભાગીય કચેરીના વીજ ગ્રાહકોની ફરિયાદનો ત્વરીત નિકાલ થાય તે હેતુસર ૨૧ (એકવીસ) માં કસ્ટમર કેર સેન્ટરને ગ્રાહકોની સેવામાં અર્પણ કરેલ.

આ પ્રસંગે કંપનીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી પી. આર. ચૌધરી, મુખ્ય ઈજનેરશ્રી એમ.જી. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર શ્રી પી. જે. પટેલ, શ્રી એસ. એસ. સહદાદપુરી, શ્રી વી. એ. ગુપ્તા, મામલતદારશ્રી, વડનગર, ચીફ ઓફીસરશ્રી, વડનગર નગરપાલિકા તથા વયોવૃધ્ધ વડીલ શ્રી રસીકભાઈ દવેએ હાજરી આપેલ. શ્રીમતી રંજનબેન દ્વારા પ્રાર્થનાના ગીતથી સમારંભનો મંગલ પ્રારંભ કરેલ.

શ્રી ડી. એમ. પટેલ, કાર્યપાલક ઈજનેર દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરેલ. ત્યાર બાદ દીપ પ્રાગટ્ય કરી માનનીય મેનેજીંગ ડિરેક્ટરશ્રી દ્વારા કાર્યક્રમની શરૂઆત કરેલ. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. શ્રી વી. એ. ગુપ્તા (વિ.મુ.ઈ.) તથા શ્રી એસ. એચ. સહદાદપુરી (વિ.મુ.ઈ.) તથા શ્રી એમ.જી. પટેલ મુખ્ય ઈજનેરશ્રી દ્વારા પ્રસંગોચિત ઉદ્દબોધન કરેલ.

શ્રી પી.આર. ચૌધરી ખાસ ફરજ પરના અધિકારી શ્રી એ પોતાના ઉદ્દબોધનમાં જણાવેલ કે, માનનીય મેનેજીંગ ડિરેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ આ કંપનીએ ઉત્તરોઉત્તર પ્રગતિ કરી રાષ્ટ્રીય એવોર્ડ મેળવેલ છે. ગ્રાહકનો સંતોષ એ જ અમારો મુદ્રાલેખ છે તેનો ઉચ્ચાર કરી વધુ સારી સેવા આપવા કંપની કટિબધ્ધ હોવાનું તેમજ વિસનગર વિભાગીય કચેરીની કામગીરી સરાહનીય હોવાનું જણાવેલ. શ્રી એમ. જી. પટેલ મુખ્ય ઈજનેરશ્રી એ પોતાના પરિચય દ્વારા કંપનીની કામગીરી માટે જરૂરી સંકલન સરળતાથી સાધવા કર્મચારીઓને અપીલ કરેલ.

મેનેજીંગ ડિરેક્ટરશ્રીએ પોતાના ઉદ્દબોધનમાં જણાવેલ કે, ઈજારાશાહી વીજ વિતરણ, વ્યવસ્થામાંથી ગ્રાહકલક્ષી અભિગમ તરફ આપણે જઈ રહેલ છીએ. જેથી ગ્રાહકો હવે કેન્દ્રસ્થાને છે. જ્યોતિગ્રામ યોજના થકી સમગ્ર ગુજરાતના તમામ ગામડાઓ ૨૪ કલાક વીજળી મેળવે છે. વીજ ગ્રાહક સુવિધા કેન્દ્ર માત્ર ફરિયાદોના નિકાલ પુરતું નથી. પરંતુ ગ્રાહક રિસ્પોન્સ સેન્ટર તરીકે લોક ભાગ્ય સેવાનું કેન્દ્ર કે જે વીજ વિતરણને લગતી તમામ સુવિધા પૂરી પાડવા અંગેની ફરજ બજાવે તે જરૂરી હોવાનું જણાવેલ.

**સ્વસ્થ કર્મચારી..... સ્વસ્થ કંપની.....**

# સાબરમતી સર્કલ ખાતે કર્મચારીઓ માટે જીમખાનાને ખુલ્લું મુકતા ચેરમેનશ્રી ગુરુપ્રસાદ મહાપાત્ર.

તારીખ : ૦૨-૦૨-૨૦૦૮ ના રોજ સાબરમતી સર્કલ ઓફિસના કંપાઉન્ડમાં હાઈટેક લેબોરેટરીની બાજુમાં કર્મચારીઓના સ્વાસ્થ્યની કાળજી માટેના અદ્યતન જીમખાનાને ચેરમેનશ્રી ગુરુપ્રસાદ મહાપત્ર દ્વારા કંપનીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલની હાજરીમાં ખુલ્લું મુકવામાં આવેલ છે.

આ પ્રસંગે કંપનીના કર્મચારીઓએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ.

આ પ્રસંગે ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરી, મુખ્ય ઈજનેરશ્રીઓ, શ્રી બી. આર. જોષી તથા શ્રી એમ. જી. પટેલે હાજરી આપેલ. કાર્યક્રમની શરૂઆત શ્રીમતી દક્ષાબેન દવે તથા શ્રીમતી બીનાબેન રાવલે પ્રાર્થના ગીત દ્વારા કરેલ.

શ્રી જી.પી.જોશી, વિશેષ મુખ્ય ઈજનેર દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દો દ્વારા સ્વાગત કરેલ, અને ઉત્તર ગુજરાત વીજ કંપનીનાં સૌ પ્રથમ અદ્યતન જીમખાનાના સાબરમતી ખાતે ફાળવવા બદલ કંપનીના મેનેજમેન્ટનો આભાર વ્યક્ત કરેલ. કર્મચારીઓ જીમખાનાનો ખાસ લાભ લઈ પોતાની તંદુરસ્તીમાં વધારો કરશે તેવી આશા વ્યક્ત કરેલ. ચેરમેનશ્રી દ્વારા તકતીનું અનાવરણ કર્યા બાદ જીમખાનાનું ઉદ્દઘાટન કરેલ. ત્યાર-બાદ દીપ પ્રાગટ્ય કરી સમારંભનો પ્રારંભ કરેલ.

શ્રી એચ. એસ. પટેલ, મેનેજીંગ ડિરેક્ટર શ્રીએ રીક્રીએશન કલબની પ્રવૃત્તિના ભાગરૂપે જીમખાના પ્રવૃત્તિઓને વિકસાવવાની ચેરમેનશ્રીની પહેલને બીરદાવી હતી. સાબરમતી ખાતેના આ જીમખાનાનો કર્મચારીઓ અને તેમના પરિવારો લાભ લઈ તેમની તંદુરસ્તીમાં વધારો કરે માટે અપીલ કરેલ. **"Prevention is better than cure"** ઈલાજ કરતાં રોગનો પ્રતિકાર વધુ સારો છે. શબ્દો ટાંકીને કર્મચારીઓને કામગીરીની સાથે તેઓનું તન અને મન સ્વસ્થ રહે તે માટે કંપની આ પ્રકારની પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન આપતી રહેશે તેવી ખાત્રી આપેલ.

શ્રી ગુરુપ્રસાદ મહાપાત્ર, ચેરમેનશ્રી દ્વારા કંપનીના પ્રથમ અદ્યતન જીમખાનાને કર્મચારીઓ માટે ખુલ્લું મુકતાં આનંદની લાગણી વ્યકત કરેલ. સાબરમતી સર્કલમાં કામ કરતા કર્મચારીઓ અને કોલોનીમાં રહેતા તેમના પરિવારજનો જીમખાનાનો લાભ લઈ ખુબ સારી તંદુરસ્તી મેળવશે તેવું જણાવેલ. ભવિષ્યમાં જીમખાનાની પ્રવૃત્તિઓ સાથે યોગા કલબ તથા લાફીંગ કલબનું કંપની આયોજન કરી રહેલ છે તેમ જણાવી જીમખાનામાં કસરતના સાધનોના વિવેકપૂર્વક ઉપયોગ કરવા માટે કર્મચારીઓને અનુરોધ કરેલ. વધુમાં આ અંગે ખાસ ટ્રેનીંગ માટે ટ્રેઈનરની સેવાઓ આપવામાં આવશે હોવાનું જણાવેલ. ભવિષ્યમાં મેહસાણા રજીસ્ટર્ડ અને કોર્પોરેટ તેમજ હિંમતનગર, પાલનપુર સર્કલ ખાતે આવા અદ્યતન જીમખાનાની સવલતો માટે કંપની કટિબધ્ધ છે તેવું જણાવેલ. ખૂબ ઝડપથી અને સુંદર જીમખાનાના બીલ્ડીંગનું નિર્માણ કરવા બદલ સીવીલ ડીપાર્ટમેન્ટને ખાસ અભિનંદન પાઠવેલ. કર્મચારીઓના તન અને મન તંદુરસ્ત રહે તે કંપનીની કામગીરી માટે આવશ્યક હોવા પર ભાર મુકેલ. ચેરમેનશ્રી, મેનેજીંગ ડિરેક્ટરશ્રી તથા અધિકારીશ્રીઓએ જીમખાનામાં મુકેલ કસરત માટેના સાધનોનું બારીકાઈથી નિરીક્ષણ કરેલ.

**"પહેલું સુખ તે જાતે નર્યા"** ને ધ્યાનમાં લેતા દરેક કર્મચારી પોતાની તંદુરસ્તીને પ્રાથમિક અગ્રતા આપે તો કંપની દ્વારા અર્પણ કરવામાં આવેલ, સાબરમતી ખાતેનું જીમખાના સાર્થક થયેલ ગણાશે.

શ્રી એસ.આર. પટેલ, કાર્યપાલક ઈજનેરશ્રીએ આભારવિધિ કરેલ. શ્રી એચ.બી. પટેલ નાયબ ઈજનેરે કાર્યક્રમનું સંચાલન કરેલ.

## આંબલી ગામે ઉત્તર ગુજરાત વીજ કંપની લી., દ્વારા ખરીદવામાં આવેલ જમીનમાં કંપાઉન્ડ વોલ માટે ભૂમિ પૂજન કરતા મેનેજીંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલ

તારીખ ૫મી માર્ચ, ૨૦૦૮ ના રોજ ગામ આંબલી, તા. દસક્રોઈ, જી. અમદાવાદ ખાતેના બ્લોક નં.૧૮૪, ડ્રાફટ ટી.પી.નં. ૨૧૫, ફાઈનલ પ્લોટ નં. ૩૪ ની ઉત્તર ગુજરાત વીજ કંપની લી., દ્વારા ખરીદ કરવામાં આવેલ જમીન કુલ ૨૧,૩૮૮ ચો. મીટરમાં કંપનીના મેનેજીંગ ડીરેક્ટરશ્રી ના વરદ્ હસ્તે કંપાઉન્ડ વોલ તેમજ ભવિષ્યમાં કંપનીના જરૂરીયાત મુજબના બાંધકામ માટેનો ભૂમિ પૂજન સમારંભ વિશેષ મુખ્ય ઈજનેર શ્રી એમ. જી. પટેલ, શ્રી પી.જે. પટેલ, મુખ્ય ઈજનેરશ્રી જી.પી.જોશી સાબરમતી તેમજ અન્ય અધિકારી અને કર્મચારીઓની હાજરીમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે યોજવામાં આવેલ.

## તા. : ૮-૩-૦૮ ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીમાં વડોદરા ખાતે ભાગ લીધેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની મહિલા કર્મચારીઓ અને કૃતિ.

### ગ્રુપ ડાન્સ : રેશમ કા રૂમાલ ગલે મે ડાલકે (રાજસ્થાની ડાન્સ)

| અનુ. | સભ્યનું નામ | ફરજનું સ્થળ |
|---|---|---|
| ૧ | મીતા પી. ભટ્ટ, જુની. આસી. (ટી) | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા. |
| ૨ | આશિતા બી. ગુપ્તા જુની. આસી. | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા. |
| ૩ | દિપિકા એચ. મોદી, જુની. આસી. | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા. |
| ૪. | કુંદન એમ. પટેલ, જુની. આસી. | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા. |
| ૫. | અલ્પાબેન આર. પટેલ, જુની. આસી. | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા. |
| ૬. | કિંજલ શાહ, જુની આસી. | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા. |
| ૭. | જીગીષાબેન એસ. શાહ, જુની. આસી. | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા. |

### ગ્રુપ સોંગ :-

| અનુ. | સભ્યનું નામ | ફરજનું સ્થળ |
|---|---|---|
| ૧ | મોનાબેન બી. પટેલ, નાયબ ઈજનેર | સાબરમતી વર્તુળ |
| ૨ | દિનાબેન ડી. રાવલ, જુની. આસી. | સાબરમતી વર્તુળ |
| ૩ | સ્મીતાબેન જે. શાહ, સીની. આસી. | સાબરમતી વર્તુળ |
| ૪ | દેવીકાબેન યુ. શાહ, જુની. આસી. | સાબરમતી વર્તુળ |
| ૫ | રક્ષાબેન ખત્રી, જુની. આસી. | સાબરમતી વર્તુળ |

### કૃતિ :- નારી જીવન :-

| અનુ. | સભ્યનું નામ | ફરજનું સ્થળ |
|---|---|---|
| ૧ | મિસ્ત્રી જલ્પાબેન આર. જુની.આસી. | હિંમતનગર વર્તુળ |
| ૨ | મોદી જીજ્ઞાબેન જે. જુની. આસી. | હિંમતનગર વિભાગીય કચેરી |
| ૩ | પટેલ શીલ્પાબેન એ., જુની. એન્જી. | સલાલ પેટા વિભાગીય કચેરી |
| ૪ | મીર્ઝા સાયરાબેન આઈ. જુની.આસી. | હિંમતનગર વર્તુળ કચેરી |
| ૫ | સદાત ઈન્દીરાબેન એન. જુની.આસી. | હિંમતનગર સ્ટોર |
| ૬ | બોડાત હિરાબેન વી. જુની.આસી. | હિંમતનગર વિભાગીય કચેરી |
| ૭ | સૈજવાણી વર્ષાબેન જે. ડે.એન્જી. | હિંમતનગર વિભાગીય કચેરી |
| ૮ | અસારી લક્ષ્મીબેન કે., જુની. આસી. | મહેતાપુરા પેટા વિભાગીય કેચરી |
| ૯ | પ્રજાપતિ તેજલબેન કે., જુની.આસી. | તલોદ વિભાગીય કચેરી |

પ્રેઝન્ટેશન :-

વિષય : ઝાંસી કી રાની

સ્પીચ : છાયાબેન દેસાઈ, કાર્યપાલક ઈજનેર, સાબરમતી વર્તુળ

## હિંમતનગર ખાતે કૃષિ મેળા દ્વારા ખેડૂતોને ખેતી વિષયક માર્ગદર્શન માટેના સ્ટોલનું આયોજન

હિંમતનગર, મોતીપુરા ખાતે તારીખ ૧૬ થી તારીખ ૨૦ ફેબ્રુઆરી ૨૦૦૮ દરમ્યાન એગ્રોટેક પ્રા. લી., રાજકોટ દ્વારા કૃષિ મેળાનું આયોજન કરવામાં આવેલ. ઉત્તર ગુજરાત વીજ કંપની લી., મહેસાણાના મેનેજીંગ ડિરેક્ટર શ્રી એસ.એસ.પટેલ, મુખ્ય ઈજનેરશ્રી એમ. જી. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ કંપનીને ફાળવવામાં આવેલ સ્ટોલ દ્વારા વીજ વિષયક કનેક્શન ધરાવતા ખેડૂતોનો ખાસ માર્ગદર્શન મળી રહે તે માટે આસીસ્ટન્ટ મેનેજર (એગ્રો.) શ્રી નીતીન પટેલ, હિંમતનગર તથા શ્રી ધવલ પટેલ પાલનપુરે સમગ્ર મેળા દરમ્યાન હાજરી આપેલ. શ્રી જે. એલ. ભટ્ટ ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર, તલોદ, શ્રી આર. ડી. ઝાલા, નાયબ ઈજનેર, હિંમતનગર વર્તુળ કચેરી અને શ્રી એ. ડી. પટેલ, જી.જી.આર.સી. (સુપરવાઈઝર) એ ખાસ હાજરી આપેલ.

કૃષિ મેળામાં ઉત્તર ગુજરાતના વિવિધ શહેરોમાંથી વિશાળ સંખ્યામાં ખેડૂતોએ હાજરી આપી માહિતી મેળવવાનો પ્રયત્ન કરેલ. ખેતી ક્ષેત્રે તથા ઘર વપરાશમાં વીજળીનો બચાવ કેવી રીતે થાય તે અંગેની ખેતીવાડી અધિકારીશ્રીઓ દ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ. ખેડૂતોને નવી ટેકનોલોજીથી થતા ફાયદા જેવા કે, ખેતીમાં ડ્રીપ અને ફુવારા પદ્ધતિથી પાણી અને વીજળીનો બચાવ અને ખર્ચમાં ઘટાડો થતા ખેત પેદાશમાં થતા નફા અંગે વિસ્તારથી માહિતી આપવામાં આવેલ. ખેડૂતો દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોનાં સચોટ જવાબ આપવામાં આવેલ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ખેડૂતોને ખેતિ વિષયક માર્ગદર્શન આપવા માટે ઉભા કરવામાં આવેલ સ્ટોલ અંગે ખેડૂતો દ્વારા આવકારમાં આવેલ તેમજ કંપનીના ગ્રાહકલક્ષી અભિગમ અંગે સંતોષની લાગણી વ્યક્ત કરવામાં આવેલ. વીજ બચત, સલામતીના સુચનો, ખેતીવાડી અંગે માહિતી આપતા ચોપાનીયા વહેંચવામાં આવેલ તેમજ સ્ટોલ ઉપર "**અંધકારથી ઉજાસ તરફ...**" ની સી.ડી.નું નિદર્શન કરવામાં આવેલ.

કંપનીના સ્ટોલની ખાસ મુલાકાત લઈને મુખ્ય ઈજનેર શ્રી એમ. જી. પટેલે સંતોષની લાગણી વ્યક્ત કરેલ.

# અર્બન ડીસ્ટ્રીબ્યુશન ફ્રેન્ચાઈઝી ટ્રેનીંગ પ્રોગ્રામ (ટ્રેનીંગ ઓફ ટ્રેનર્સ) નું કંપની દ્વારા આયોજન...

તારીખ ૧૮ થી ૨૦ ફેબ્રુઆરી ૨૦૦૮ દરમ્યાન ઈફકો, કલોલ ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લી., રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ દ્વારા ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી વીજ વિતરણ ક્ષેત્રે ફ્રેન્ચાઈઝીની કામગીરીની જરૂરીયાત ધ્યાનમાં લઈને જે તે સંસ્થાનાં કર્મચારીઓને તાલીમબધ્ધ કરવા માટે "**અર્બન ડીસ્ટ્રીબ્યુશન ફ્રેન્ચાઈઝી ટ્રેનીંગ પ્રોગ્રામ (ટ્રેનીંગ ઓફ ટ્રેનર્સ)**" નું ડીસ્ટ્રીબ્યુશન રીફોર્મ અને અપગ્રેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ અન્વયે આયોજન કરવામાં આવેલ.

ટ્રેનીંગ પ્રોગ્રામના ઉદઘાટન સમારંભના કંપનીન ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલ, ઈફકોના યુનીટહેડ શ્રી એ. કે. સિંહા, મુખ્ય ઈજનેર શ્રી બી.આર. જોશી અને શ્રી એમ. જી. પટેલે હાજરી આપેલ. કાર્યક્રમની શરૂઆત શ્રી જે. એલ. ભટ્ટ કાર્યપાલક ઈજનેર, તલોદે પ્રાર્થના ગીતથી કરેલ. શ્રી એચ. એસ. પટેલે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરેલ.

સ્વાગત પ્રવચનમાં શ્રી એમ. જી. પટેલે તમામ તાલીમાર્થીઓને આવકારતા જણાવેલ કે, આપવામાં આવેલ તાલીમનો જો સફળતાથી વ્યવહારીક ઉપયોગ કરવામાં આવશે તો જ તાલીમ આપેલો સાર્થક થશે.

શ્રી બી. આર. જોશીએ પ્રાસંગિક પ્રવચનમાં તજજ્ઞો દ્વારા આપવામાં આવી રહેલ ફ્રેન્ચાઈઝી માટેની તાલીમ ગ્રાહકોને ઉત્તમ સેવા પુરી પાડવા માટેનું માધ્યમ સાબીત થશે તેવી આશા વ્યક્ત કરેલ.

તાલીમ માટેનું આદર્શ વાતાવરણ પુરુ પાડવા માટે ઈફકોનો આભાર માની શ્રી એચ. એસ. પટેલ, મેનેજીંગ ડિરેક્ટરે પ્રાસંગિક પ્રવચનની શરૂઆત કરેલ. સમગ્ર દેશમાં વીજ વિતરણની વ્યવસ્થામાં ગુજરાત અગ્રેસર છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુત કરણ યોજના દ્વારા ભારતના ગામડાનું વીજળીકરણ કરવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવેલ છે. હરિફાઈના યુગમાં હંમેશા ગ્રાહકને ફાયદો થયેલ છે. ગુજરાત રાજ્યની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને તાલીમાર્થી દ્વારા ફ્રેન્ચાઈઝી માટેના સુચનો આવકાર્યા હતા. કંપનીના તાબા હેઠળના વીજ વિતરણ અંગેના મુશ્કેલ પરિસ્થિતિવાળા વિસ્તારોમાં સુદ્રઢ વિતરણ વ્યવસ્થા ગોઠવવા માટે આપણે પ્રયત્નશીલ રહેવા જણાવેલ. તાલીમ આપવા અંગેનો ઉદ્દેશ સિધ્ધ થાય તેવા પ્રયત્નો કરવા માટે તમામ તાલીમાર્થીઓએ અનુરોધ કરેલ.

શ્રી આર. સી. દેસાઈ નાયબ ઈજનેર, રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ મહેસાણા દ્વારા સમગ્ર ટ્રેઈનીંગ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મહાપુરુષોના સુવાક્યો

- સ્ત્રી એ પરમાત્માનો સૌથી મહાન જાદુ છે. *- ઓલ્ક વાઈલ્ડ*
- સ્ત્રીઓ પુરુષો કરતા વધારે બુદ્ધિશાળી હોય છે, કેમ કે તે પુરુષો કરતાં જાણે છે થોડું, પણ સમજે છે તેનાથી વધુ. *- જેમ્સ સ્ટીફન*
- નારી સાક્ષત્ ક્ષમા, દયા તથા સ્નેહની દૈવી મૂર્તિ છે. *- બંકિમબાબુ*
- નારીને અબળા કહેવી એ તેનું અપમાન કર્યા બરાબર છે. *- ગાંધીજી*
- ઓહ ! મારી મા આટલી સુંદર હોત તો હું કેટલો સુંદર હોત ! *- શિવાજી મહારાજ*
- સ્ત્રી સહનશીલતાની અને ધૈર્યની પ્રતિમા છે; કરુણા અને મમતાનું પ્રતિક છે. *- શ્રીમતી સરોજની નાયડુ*
- સ્ત્રી મોટામાં મોટું દુઃખ પણ હોઠો પર સ્મિત સાથે સહી લે છે. *- જયશંકર પ્રસાદ*
- માતાના હાથનો સ્પર્શ તરસ્યા માટે જલધારા સમાન હોય છે. *- પંચતંત્ર*

# મેનેજીંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલ ની અધ્યક્ષતામાં શ્રી બી. આર. જોશી, મુખ્ય ઈજનેરનો યોજાએલ ભવ્ય વિદાય સમારંભ.

તારીખ : ૨૯-૨-૨૦૦૮ ના રોજ રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા ખાતે કંપનીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલની અધ્યક્ષતામાં શ્રી બી. આર. જોશી, મુખ્ય ઈજનેરનો વય મર્યાદાને લીધે થયેલ નિવૃત્તિ અંગેનો ભવ્ય વિદાય સમારંભ કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓની વિશાળ સંખ્યાની હાજરીમાં યોજાએલ.

૩૫ વર્ષથી વધુ સમય માટે અગાઉ જીઈબી અને હાલની ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં શ્રી બી. આર. જોશીએ પોતાની ફરજ બજાવી સેવાકાળ દરમ્યાન વિવિધ વિભાગોમાં સફળતાપૂર્વક કામગીરી દ્વારા પોતાનું મહત્વનું યોગદાન આપેલ. કંપની દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ મહત્વની સિધ્ધિઓ અને સફળ કામગીરીના સહયોગી અને સાક્ષી બનવાનું ગૌરવ પ્રાપ્ત કરેલ.

વિદાય સમારંભમાં કંપનીના ઉચ્ચ અધિકારીઓએ પોતાની શ્રી બી.આર. જોશી સાથે સંભાળેલ કામગીરી અંગેના અનુભવો યાદ કરવામાં આવેલ.

શ્રી જે. એન. પંચોલી, ચીફ ફાયનાન્સ મેનેજરે પોતાના વ્યક્તવ્યમાં કર્મઠ અધિકારીશ્રી તરીકે શ્રી જોશી સાહેબની કામગીરી હંમેશા યાદગાર રાખશે તેવું જણાવેલ.

શ્રી એ.પી. સેજપાલ, અધિક્ષક ઈજનેર પોતાની આગવી હાસ્ય શૈલી દ્વારા જોશી સાહેબને વિદાય આપી સમારંભનો માહોલ હળવો કરેલ.

શ્રી એમ. જી. પટેલ, મુખ્ય ઈજનેર દ્વારા તેમના શ્રી બી. આર. જોશી સાહેબના કાર્યકાળના સંસ્મરણો વાગોળવામાં આવેલ. નિવૃત્તિ બાદના શેષ જીવન માટે શુભેચ્છા પાઠવવામાં આવેલ.

ખાસ ફરજ પરના અધિકારી શ્રી બી. આર. જોશીની ઝીણામાં ઝીણી બાબતો અંગેના અભ્યાસ હોવાથી સચોટ નિર્ણય લેવાની ક્ષમતા વિશે પોતાના વિચારો વ્યક્ત કરેલ.

શ્રી બી.આર. જોશી મુખ્ય ઈજનેર દ્વારા પોતાના ૩૫ વર્ષના સેવાકાળ દરમ્યાનના અનુભવો જણાવેલ. તેમજ દીર્ઘકાલીન સેવા-કાળ દરમ્યાન કર્મચારીઓએ આપેલ સાથ અને સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરેલ. તેમજ કંપનીની આગામી કામગીરી માટેના પોતાના રચનાત્મક સુચનો જણાવેલ.

કંપનીના મેનેજીંગ ડિરેક્ટરશ્રી દ્વારા શ્રી બી. આર. જોશી મુખ્ય ઈજનેર પ્રમાણિક પણે બજાવેલ ફરજોની પ્રસંશા કરેલ. તમામ કાગળોનો ઝીણવટથી અભ્યાસ કરીને જ પોતાના મંતવ્યો વ્યક્ત કરવાની આગવી કામગીરીથી કંપનીનું હિત અગ્રેસર રાખતા હોવાનું જણાવેલ.

શ્રી ડી. એમ. તિવારી, ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શેર શાયરી દ્વારા પોતાના વિચારો વ્યક્ત કરી શ્રીફળ અને મોમેન્ટો અર્પણ કરેલ. શ્રી એસ. વાય. ડામોર, ઔદ્યોગિક સબંધક અધિકારીએ નિવૃત્તિ બાદના લાભો અંગેનો ચેક અર્પણ કરેલ. ખાસ ફરજ પરના અધિકારીશ્રી દ્વારા શાલ ઓઢાડીને વિશેષ સન્માન આપવામાં આવેલ.

આ કાર્યક્રમનું સંચાલન શ્રી એન. આર. મકવાણા, નાયબ મહાપ્રબંધક (આઈ.આર.) એ કરેલ.

**વીજ વિકાસનો પ્રાણ, એની બચત એજ કલ્યાણ.**
**જો વીજ વ્યયમાં મૂકીએ કાપ, તો પૈસા બચશે આપો આપ.**





મહેસાણા ખાતે યોજાયેલ વિકલાંગ કર્મચારીઓને માર્ગદર્શન માટેનો સેમિનાર








દ્વિતીય ઈન્ટરસર્કલ સંગીત તથા નાટ્ય સ્પર્ધા, સાબરમતી.





વડનગર ખાતે કસ્ટમર કેર સેન્ટર ગ્રાહકોની સેવામાં અર્પણ



અર્બન ડિસ્ટ્રીબ્યુશન ફ્રેન્ચાઈઝી ટ્રેનીંગ પ્રોગ્રામ(ટ્રેનીંગ ઓફ ટ્રેનર્સ) ઈફકો ખાતે કલોલ.




હિંમતનગર ખાતે યોજાયેલ કૃષિ મેળો.



શ્રી બી. આર. જોશી, મુખ્ય ઈજનેરની નિવૃત્તિ પ્રસંગે યોજાયેલ વિદાય સમારંભ



આંબલી ખાતે યુ.જી.વી.સી.એલ.ના મકાન માટેનું ભૂમિપૂજન.

UGVCL

# ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તુ લઇ જા..

જ્યોતિગ્રામ



- જ્યોતિગ્રામ યોજના દ્વારા સતત ૨૪ કલાક વીજ પુરવઠો પુરો પાડનાર રાષ્ટ્રની પ્રથમ કંપની
- વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ બ્રોન્ઝ શીલ્ડ મેળવનાર જાહેર ક્ષેત્રની પ્રથમ કંપની
- સ્પેશિયલ ડિઝાઇન ટ્રાન્સફર્મરની સંશોધક કંપની
- ISO ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત કંપની
- NABL દ્વારા ISO-IEC ૧૭૦૨૫:૨૦૦૫ પ્રમાણિત લેબોરેટરી ધરાવતી કંપની

**યુજીવીસીએલ ન્યુઝ**

બુક-પોસ્ટ

પ્રતિ શ્રી

કોર્પોરેટ કોમ્યુનીકેશન સેલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ
વીસનગર રોડ,
મહેસાણા-૩૮૪ ૦૦૧.

Visit us.www ugvcl.com